# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

તારીખ : ૧૩ જાન્યુઆરી ૨૦૨૪, શનિવાર
વિક્રમ સંવત ૨૦૮૦, પોષ સુદ બીજ

વર્ષ : ૧૫
અંક : ૧૬૪

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886






વડાપ્રધાન નરેન્દ્ર મોદી નાસિકમાં પૌરાણિક રીતે મહત્વપૂર્ણ ગોદાવરી પંચવટી વિસ્તારમાં સ્થિત શ્રી કાલારામ મંદિરની મુલાકાત લીધી હતી. વડાપ્રધાને ગોદાવરી નદીના કિનારે સ્થિત રામકુંડમાં પણ પ્રાર્થના કરી હતી.

# લક્ષ્યો હાંસલ કરવા યુવાનોએ સ્વતંત્ર વિચાર સાથે આગળ વધવું પડશે : વડાપ્રધાન મોદી

## ૨૨ જાન્યુઆરી સુધીમાં દેશના તીર્થસ્થળો અને મંદિરોને સાફ કરી અને સ્વચ્છતા અભિયાન ચલવાવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અપીલ કરાઈ

। નાસિક, તા.૧૨ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે મહારાષ્ટ્રના પ્રવાસે છે જ્યાં તેમણે નાસિકમાં ૨૭માં નેશનલ યૂથ ફેસ્ટિવલનું ઉદ્‌ઘાટન કર્યું હતું. આ પહેલા પીએમ મોદીએ રોડ શો પણ કર્યો હતો. આ રોડ શો દરમિયાન તેમની સાથે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે, ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર પણ હાજર હતા.

આ પછી પીએમ મોદીએ નાશિકમાં ગોદાવરી નદીના કિનારે સ્થિત રામકુંડમાં પૂજા કરી હતી. હાલ પીએમ મોદી નાસિકમાં નેશનલ યૂથ ફેસ્ટિવલમાં સંબોધન કરી રહ્યા છે ત્યારબાદ તેઓ ટૂંક સમયમાં રાજ્યમાં રૂ. ૩૦,૫૦૦ કરોડથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ કર્યું. વડાપ્રધાન મોદીએ અરબિંદોની કહેલી વાતનો ઉલ્લેખ કરતા કહ્યું કે જો ભારતે પોતના લક્ષ્યો હાંસલ કરવા હોય તો દેશના યુવાનોએ સ્વતંત્ર વિચાર સાથે આગળ વધવું પડશે.

આ ઉપરાંત તેમણે કહ્યું કે સ્વામી વિવેકાનંદ પણ કહેતા હતા કે ભારતની આશા ભારતના યુવાનોના ચરિત્ર અને પ્રતિબદ્ધતા પર ટકેલી છે. આ બંને મહાપુરુષોનું માર્ગદર્શન આજે પણ ભારતના યુવાનો માટે મહાન પ્રેરણા છે. વડાપ્રધાને સ્વચ્છતા અંગે વાત કરતા કહ્યં હતું કે ૨૨ જાન્યુઆરી સુધીમાં આપણે બધા દેશના તીર્થસ્થળો અને મંદિરોને સાફ કરીએ અને સ્વચ્છતા અભિયાન ચલવાવવું જોઈએ. તેમણે ઉમેર્યું હતું કે આજે મને કાલારામ મંદિરની મુલાકાત લેવાનો અને મંદિર પરિસરની સફાઈ કરવાની તક મળી છે ત્યારે હું દેશવાસીઓને આગ્રહ કરીશ કે તેઓ દેશના તમામ મંદિરો અને તીર્થક્ષેત્રોમાં સ્વચ્છતા અભિયાન ચલાવે અને રામ મંદિરમાં રામલલાના પ્રાણ પ્રતિષ્ઠાના શુભ અવસર પર પોતાનું શ્રમ દાન કરે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુવાનોને સંબોધતા કહ્યું કે આજનો દિવસ ભારતની યુવા શક્તિનો દિવસ છે. આ દિવસ એ મહાપુરુષને સમર્પિત છે જેમણે ગુલામીના સમયગાળા દરમિયાન ભારતને નવી ઉર્જાથી ભરી દીધું હતું.

એ મારું સૌભાગ્ય છે કે હું સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ પર નાસિકમાં છું. હું આપ સૌને રાષ્ટ્રીય યુવા દિવસની ખૂબ ખૂબ શુભેચ્છા પાઠવું છું.




નવી આશા, નવી સફર, IVFની મદદથી આશાને હકિકતમાં ફેરવો..

MERRYLAND
Women's Hospital & IVF (ટેસ્ટ ટ્યુબ બેબી) સેન્ટર
રાહત દરે IVF પેકેજ/ઓપરેશન 0% વ્યાજદરે EMI સુવિધા ઉપલબ્ધ




સૌથી ઓછા પ્રયત્ને ઝડપી ગર્ભધારણ માટે
- કારણ વગરના ઓવમપિક-અપ અને એમ્બ્રીયો ટ્રાન્સફરને રોકવા
- ઓછામાં ઓછા પ્રયત્ને ગર્ભધારણ મેળવવા
- ગર્ભપાતની શક્યતા ઓછી કરવા
- સૌથી સચોટ પધ્ધતિનો ઉપયોગ

નિશુલ્ક વ્યંધત્વ નિદાન કેમ્પ
તા. ૧૫-૦૧-૨૦૨૪ સુધી
સમય સવારે ૧૧.૦૦ થી સાંજે ૬.૦૦ સુધી

જટિલ સમસ્યાઓનાં નિવારણ માટે
- IUI કે IVF માં એકથી વધુ વાર નિષ્ફળતા
- 0% કે નહીવત શુક્રાણું
- લાંબુ કે જટિલ વ્યંધત્વ
- ગમે તેવી મોટી ઉંમર કે નીંચુ AMH
- PCOD સ્ત્રી બીજ ન બનવા કે છૂટા ન પાડવા
- બંને નળીઓ બંધ હોવી
- ગર્ભાશયમાં ગાંઠ હોવી
- એન્ડોમેટ્રીઓસીસ
- એડેનોમાયોસીસ

ઉપલબ્ધ સેવાઓ
- હાઈરિસ્ક પ્રેગ્નન્સી યુનિટ
- IUI, IVF સરોગેસી
- હિસ્ટ્રોસ્કોપી-લેપ્રોસ્કોપી
- હાઈરિસ્ક પ્રેગનેન્સી
- મેલ/ફિમેલ ઈનફર્ટીલીટી

ડો. હિતેશ પટેલ
(ઈનફર્ટીલીટી સ્પેશ્યાલિસ્ટ)

સરનામુ :- ત્રીજો માળ, ડ્રીમસ્કવેર, નિર્ણયનગર અંડરબ્રીજની બાજુમાં, અખબારનગર, અમદાવાદ, ગુજરાત, www.merrylandhospital.com
રજીસ્ટ્રેશન ફ્રિ પણ ફરજીયાત, તો કોલ કરો.. + 91 9081 66 33 55 / 66

## ન્યુઝ બોક્ષ

### અયોધ્યા જવા યાત્રિકોની સુવિધાને લઈ રેલવે દ્વારા ૫ ટ્રેનો શરૂ કરવામાં આવી

। અમદાવાદ, તા.૧૨ ।

અયોધ્યા નગરીમાં રામમંદિરની પ્રાણ પ્રતિષ્ઠાને લઈ તૈયારીઓ ચાલી રહી છે. આ દરમિયાન હવે યાત્રિકોની સુવિધાને લઈ રેલવે દ્વારા ૫ ટ્રેનો શરૂ કરવામાં આવી છે. જે સંબંધિત સ્ટેશનથી અયોધ્યા જશે. આ અંગે ખુદ રેલ્વે રાજ્ય મંત્રીએ ટ્વિટ કરી માહિતી આપી છે. આ તરફ ૫ ટ્રેનોમાંથી ૪ ટ્રેનો તો માત્ર ગુજરાતથી જ ઉપડ્શે. મહત્વનું છે કે, આગામી ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા યોજાનાર છે. રેલ્વે રાજ્ય મંત્રી દર્શના જરદોશે ઠ પર લખ્યું કે, આરાધ્ય દેવ પ્રભુ શ્રી રામની નગરી અયોધ્યા ન ભારત સમગ્ર વિશ્વમાં આકર્ષણનું કેન્દ્ર બની રહ્યું છે જ્યાં પર લાખો કરોડો શ્રદ્ધાલુ અયોધ્યા જવાની ઈચ્છા રાખી રહ્યા છે ત્યારે વિવિધ વિસ્તારથી સ્થિત અયોધ્યા માટે આસ્થા ટ્રેન શરૂ થવા જઈ રહી છે. જે આ પ્રકારે છે.

### અંકલેશ્વરમાં ચાઇનીસ માંજાનું વેચાણ કરતા વેપારીની પોલીસે ધરપકડ થઈ

। (એજન્સી) અંકલેશ્વર, તા.૧૨ ।

પ્રતિબંધિત ચાઈનીસ માંજાનું વેચાણ કરતા એક વેપારીની અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસે ધરપકડ કરી છે. આ માંજાના ઉપયોગથી પતંગ ચગાવવાથી પતંગ ઉડાવનાર અને તેની દોરીથી ઈજા પામનાર બંને માટે જોખમી પરિસ્થિતિનું નિર્માણ થાય છે. સ્થાનિક માંજાની સરખામણીમાં ચાઈનીઝ માંજા સસ્તા છે પણ તેનો ઉપયોગ જોખમી છે. ચાઈનીઝ માંજા પર પ્રતિબંધ છે તેમ છતાં શહેરમાં ચાઈનીઝ માંજાનું વેચાણ કરવામાં આવે છે. ચાઈનીઝ માંજાના કારણે લોકોના જીવ જોખમમાં મુકાઈ રહ્યા છે. સરકાર દ્વારા પણ ચાઈનીઝ માંજાના વેચાણ પર પ્રતિબંધ મૂકવાના આદેશ કરવામાં આવ્યા છે. ચાઈનીઝ માંજા કાચ અને ધાતુના ફાઈલિંગ તેમજ લોખંડ અને રસાયણોના મિશ્રણમાંથી તૈયાર કરવામાં આવે છે. આ કારણે તે ખૂબ જ જોખમી બની જાય છે. આ કારણોસર સુપ્રીમ કોર્ટ, એનજીટી અને સરકાર દ્વારા તેના વેચાણ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.પ્રતિબંધ હોવા છતાંકેટલાક વેપારી ચાઈનીઝ માંજાનું વેચાણ કરે છે. પોલીસ અને પ્રશાસ આ માંજાનું વેચાણ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરી રહ્યું છે. આ માંજાના કારણે કોઈ દિવસ કોઈને જીવ પણ ગુમાવવો પડી શકે છે. વડોદરા રેન્જના પોલીસ મહાનીરીક્ષક સંદીપસિંહ તથા ભરૂચ પોલીસ અધિક્ષક મયુર ચાવડા સાહેબ અને નાયબ પોલીસ અધિક્ષક અંકલેશ્વર ડીવીઝન ચિરાગ દેસાઈ તરફથી જીલ્લામા કલેક્ટર ભરૂચ તરફથી બહાર પાડેલ જાહેરનામાનો કડક અમલ કરવા સૂચના આપવામાં આવી છે.

### CCTV ચેક કરતા મચી દોડધામ

# રાજકોટના શખસનો પતંગ કપાયો તો ક્રાઈમ બ્રાન્ચની ટીમ શોધવા દોડી

### અમદાવાદના કાઈટ ફેસ્ટિવલમાં ભાગ લે એની પહેલા પતંગ ચોરી થઈ જતા શખસ નારાજ થઈ ગયો હતો

। (એજન્સી) રાજકોટ, તા.૧૨ ।

મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે આ પંજાબી વ્યક્તિ હતો જે રાજકોટના પતંગ મહોત્સવમાં ભાગ લેવા માટે આવ્યો હતો. અહીં તેણે હજારો રૂપિયાની કિંમતનો પતંગ આકાશમાં ઉડાવ્યો હતો પરંતુ થોડા સમય બાદ જ તે કપાઈ જતા દોડાદોડ કરી મૂકી હતી. પતંગોત્સવ અત્યારે અમદાવાદની જેમ રાજકોટમાં પણ થઈ રહ્યો છે. ઉત્તરાયણ આવે એના મહિના પહેલાથી તો લોકો ધાબા પર ચઢી જતા હોય છે અને પતંગ ચગાવવાનું શરૂ કરી દે છે. આમાં સૌથી કોમન અને રસપ્રદ કોઈ કિસ્સો આપણે કહીએ તો એ છે પતંગબાજીમાં સામેવાળી પાર્ટીનો પતંગ કાપી કાઢવાનો. ઉત્તરાયણના દિવસે પણ લપેટ...લપેટ.. કાઈ પો છે એવી બુમો સંભળાતી જ હશે. લોકોને પતંગ કાપવાની મજા આવે છે એટલી જ પતંગને પકડવાની પણ મજા આવતી હોય છે. પરંતુ ભાગ્યે જ એવું આપણે સાંભળ્યું હશે કે કોઈ વ્યક્તિનો પતંગ કપાઈ જાય તો તેણે ક્રાઈમ બ્રાન્ચ સહિતની ટીમોને પણ શોધવા લગાવી દીધી. મોહાલીમાં રહેતા એક વ્યક્તિએ પોલીસ ફરિયાદ કરી છે, જેમાં તેણે જણાવ્યું છે કે તે રાજકોટ મહાપાલિકા દ્વારા આયોજિત એક પતંગોત્સવ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. અહીં તેને આમંત્રણ મળ્યું હતું જેના કારણે તેમણે ખાસ ૨૫ હજાર રૂપિયાની કિંમત ધરાવતો પતંગ ખરીદી લાવ્યા હતા.અહીં આ શખસે વીડિયોઝ ઉતાર્યા અને પતંગ મહામહેનતે મસ્ત ચગાવી દીધો હતો. આ દરમિયાન ૨૦ મિનિટ સુધી આકાશમાં અન્ય પતંગો કરતા પણ મસ્ત ચગી રહેલા આ પતંગનાં પેચ બીજા સાથે લડી ગયા હતા. પતંગના પેચ એટલા જોરદાર લડ્યા કે વાત ન પૂછો. જોતજોતામાં પંજાબના આ શખસે ઢીલ મૂકી પરંતુ તેનો પતંગ કપાઈ ગયો હતો. આકાશમાં ખૂબ ઊંચે ઉડતો આ પતંગ હવે રાજકોટની જ ગલીઓમાં ક્યાંક કપાઈને પડ્યો હતો. જોકે આ દરમિયાન ૨૫ હજાર રૂપિયાની કિંમતનો આ પતંગ હોવાથી તેણે પોલીસ ફરિયાદ કરી હતી. જેના લીધે ફાયરબ્રિગેડ સહિતનો કાફલો ટાગોર રોડ સુધી દોડીને આવી પહોંચ્યો હતો. આ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચની ટીમને પણ જાણ કરાઈ કે આ પતંગ કપાઈ ગયો છે અને હવે કોઈક ચોરી ગયું છે. ઉલ્લેખનીય છે કે ક્રાઈમ બ્રાન્ચ, એ-ડિવિઝન સહિતની ટીમો કપાયેલા પતંગને શોધવા માટે સીસીટીવી ફુટેજના આધારે તપાસ શરૂ કરી દીધી હતી. રાજકોટ પતંગોત્સવમાં આ મોહાલીના શખસે જણાવ્યું કે મારા પતંગને લીફ્ટર કાઈટ પણ કહેવામાં આવે છે. આની ખાસિયત પર નજર કરીએ તો તે ઈમ્પોટેડ કાપડથી બનેલો પતંગ છે અને આની કિંમત ૨૫ હજાર રૂપિયા આસપાસ રહેલી છે. આવા પતંગની બનાવટ પર નજર કરીએ તો તેનું સિવણ વધારે સરળ નથી અને આ પતંગ સામાન્ય લોકો માટે પણ નથી. હવે આમ જોવા જઈએ તો આ પતંગનું વજન ૩થી ૪ કિલો આસપાસનું હોય છે અને તે જેવો ઊંચે આકાશમાં ચગી જાય છે ત્યારે તેની દોરી સાથે અન્ય નાના મોટા પતંગો અને ઢાલો પણ જોડવામાં આવે છે. રાજકોટમાં પતંગ કપાયો અને ખોવાયો એની તપાસમાં પોલીસ ફરિયાદ પાછળનું કારણ આપતા આ શખસે કહ્યું કે સર મારે અમદાવાદના પતંગોત્સવમાં જઈને પણ આ જ પતંગ ચગાવવાનો હતો. મિનિસ્ટર્સની હાજરીમાં મારે આ લિફ્ટર પતંગ ચગાવવાનો છે. પરંતુ હવે રાજકોટમાં પતંગોત્સવ થયો એમાં મારો પતંગ કોઈ કાપી ગયું એટલે હું અમદાવાદમાં જઈને ચગાવી નહીં શકું.

### હાલ આખા રાજ્યમાં ઉત્તરાયણનો માહોલ છવાયો છે

## ૧૪થી ૧૫ જાન્યુઆરી બાદ ફરી ઠંડીનો ચમકારો આવશે

### મોસમ વૈજ્ઞાનિકની આગાહી પ્રમાણે, આગામી પાંચ દિવસ વાતાવરણ ડ્રાય રહેશે, વરસાદની કોઇ સંભાવના નથી



। અમદાનાદ, તા.૧૨ ।

હાલ આખા રાજ્યમાં ઉત્તરાયણનો માહોલ છવાયો છે. ગુજરાતીઓ ઉત્તરાયણની તૈયારીઓમાં લાગી ગયા છે. ત્યારે પરેશ ગોસ્વામીએ ઉત્તરાયણ અને વાસી ઉત્તરાયણ અંગે ગુજરાતનું હવામાન કેવું રહેશે તે અંગે જણાવ્યુ છે. હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીના જણાવ્યા પ્રમાણે, ૧૨ જાન્યુઆરી સુધીમાં દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશો પંજાબ, હરિયાણા, રાજસ્થાન સુધીમાં ભારે ધુમ્મસ, વરસાદ અને ભારે પવનના સૂસવાટા જોવા મળશે. રાજસ્થાનના ભાગ સુધી જોવા મળશે, જેથી ગુજરાતમાં પવનના સૂસવાટા આવી શકે છે. સાથે જ પૂર્વ ગુજરાતમાં પણ અસર રહેશે. આ સાથે તેમણે જણાવ્યુ કે, ૧૪થી ૧૫ જાન્યુઆરી બાદ ફરી ઠંડીનો ચમકારો આવશે. જેમાં કચ્છના ભાગોમાં લઘુતમ તાપમાન ૧૦ ડિગ્રી નીચું થઈ જશે. આહવા, ડાંગ, વલસાડ, સુરત સુધી ઠંડી અનુભવાશે. સુરતના આસપાસ ભાગોનું તાપમાન ૧૩ ડિગ્રી આસપાસ થઈ જવાની શક્યતા રહે. મહેસાણા જિલ્લામાં ૧૪થી ૧૬ જાન્યુઆરીમાં લઘુતમ તાપમાન ૧૨થી ૧૩ ડિગ્રી નીચે જવાની શક્યતા રહેશે. અમદાવાદ અને ગાંધીનગરમાં ઠંડીનો ચમકારો આવશે. ધીમે-ધીમે ઠંડી વધશે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના મોસમ વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે આપેલી આગાહી પ્રમાણે, આગામી પાંચ દિવસ વાતાવરણ ડ્રાય રહેશે. વરસાદની કોઈ સંભાવના નથી. આ સાથે તેમણે એમ પણ જણાવ્યુ છે કે, તાપમાનની વાત કરીએ તો બેથી ત્રણ દિવસ તાપમાનમાં મોટો ફેરફાર નહી થાય. તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી તાપમાન વધી શકે છે. બેથી ત્રણ દિવસ બાદ વાતાવરણમાં ફરીથી ઠંડીનો અનુભવ થશે.

### ધોરાજી - ઉપલેટા હાઈવે પર હિટ એન્ડ રન

## કારે ૪૨ વર્ષીય મહિલાને અડફેટે લેતા થયું મોત

। રાજકોટ, તા.૧૨ ।

ધોરાજી-ઉપલેટા હાઈવે પર IIT સામે હિટ એન્ડ રનની દુર્ઘટના ઘટી છે. ધોરાજી - ઉપલેટા હાઈવે પર ITI સામે કારની અડફેટે ૪૨ વર્ષીય સોનલબેન ગંગાજાળીયાનું મોત નીપજ્યુ છે. ધોરાજીના ઉપલેટા નેશનલ હાઈવે પર ઈકો કારની અડફેટે ૪૨ વર્ષની મહિલાનું મોત નીપજ્યુ છે. હાલ ધોરાજી પોલીસે વધુ તપાસ કરીને આગળની કાર્યવાહી હાથ ધરાઈ છે. આ મૃતક મહિલા સોનલબેન ધોરાજીના મહાલક્ષ્મી કોમ્પ્લેક્સના રહેવાસી હતા. મૃતક મહિલાનો મૃતદેહ પીએમ માટે ધોરાજી સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ હિટ એન્ડ રનમાં મહિલાનું અચાનક મોત થતા પરિવાર પર જાણે દુખનો પહાડ તૂટી પડ્યો હોય તેવો માહોલ છવાયો છે. આ અંગે મળતી માહિતી પ્રમાણે આ મૃતક મહિલા હોટલમાં રસોઈ બનાવવાનું કામ કરતા હતા. જે કામ પતાવીને ઘરે પરત આવતા હતા ત્યારે આ અકસમાત સર્જાયો હતો. સોનલબેન ધોરાજીના મહાલક્ષ્મી કોમ્પ્લેક્ષમા રહેતા હતા. તેમની આસપાસના લોકોમાં પણ દુખની લાગણી થવાઈ ગઈ છે. તેમની આસપાસના લોકોમાં પણ દુખની લાગણી થવાઈ ગઈ છે. થોડા મહિના પહેલા પણ ધોરાજીના ઉપલેટા રોડ પર અકસ્માત સર્જાયો હતો. ઉર્ષના મેળામાં આવેલા ઉપલેટાના ગુલાબહુશેન જલાલભાઈ માણસીયા અને આદીલભાઈ અશરફભાઈ કચ્છી મેળામાંથી પરત ઉપલેટા જતા હતા. ત્યારે કાર સાથે અકસ્માત થતાં જેમાં અભિષેક ભીખાભાઈ ગોસ્વામી (ઉ.વ.૨૪ રહે. સનાળાવાળા)ને ગંભીર ઈજાઓ થતા કરુણ મોત નીપજ્યુ હતુ. જ્યારે ગુલાબહુશેન જલાલભાઈ માણસીયા (ઉ.વ ૫૦, રહે. ઉપલેટા, મુળ વાંકાનેરવાળા)ને ગંભીર ઈજાઓ થતાં તેમનું કરુણ મોત થયેલ હતું. તેમજ અન્ય અફઝલ હનીફ કુરેશી (ઉ.વ.૨૫, રહે. સોળવદરવાળા)ને ગંભીર ઈજાઓ થતાં રીફર કરાયા હતા તેમજ અન્ય એક આદિલ અશરફ કચ્છી (ઉ.વ.૨૫)ને ઈજાઓ થતાં તેઓને રીફર કરાયા હતા.

## શિયાળામાં ટામેટાના ભાવે ગૃહિણીઓને ખુશ કર્યા

। રાજકોટ, તા.૧૨ ।

શિયાળાની કડકડતી ઠંડી પડી રહી છે. એમાં પણ શિયાળામાં મળતાં લીલા શાકભાજીની આવકમાં ખુબ જ વધારો થઈ રહ્યો છે. પરિણામે શાકભાજીના ભાવમાં પણ ઘટાડો થયો છે. જેથી ગૃહિણીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. તો બીજી તરફ ખેડૂતોને સારા ભાવ ન મળતાં તેઓ હાલાકીનો સામનો કરી રહ્યા છે. ગયા વર્ષે ખેડૂતોએ સારા એવા પ્રમાણમાં ટામેટાનું વાવેતર કર્યું હતું. પરિણામે શયાળાની ઋતુમાં અનેક વિસ્તારોમાં ટામેટાનું ઉત્પાદન પણ જોવા મળ્યું છે. જેથી ખેડૂતો માર્કેટિંગ યાર્ડમાં ઢગલાબંધ ટામેટા ઠાલવી રહ્યા છે. પરંતુ તેઓને સારા ભાવ મળી રહ્યા નથી. ગયા વર્ષે જે ટામેટાના ભાવ આસમાને પહોંચ્યા હતા. એ જ ટામેટાના સારા ભાવ ન મળતાં ખેડૂતોમાં નિરાશા વ્યાપી ગઈ છે.

# સુરતમાં યુવતીનાં ગળામાં દોરી ફસાતાં થયું મોત

। (એજન્સી) સુરત, તા.૧૨ ।

ઉત્તરાયણને ગણતરીના દિવસો બાકી છે ત્યારે સુરતમાં પતંગની કાતિલ દોરીથી મોત થવાની ઘટના સામે આવી છે. ઘટના નાના વરાછા બ્રિજની છે. જ્યાં એક્ટિવા લઈને પસાર થતી યુવતીના ગળાના ભાગે પતંગની દોરી આવી જતા ગળાના ભાગે ગંભીર ઈજા પહોંચી અને નીચે પટકાઈ હતી. યુવતીને ગંભીર ઈજા થતા આસપાસના સ્થાનિકોએ સારવાર માટે હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં પ્રાથમિક સારવાર દરમિયાન તેનું મૃત્યુ નિપજ્યું હતું. મૃતક ૨૨ વર્ષીય દિક્ષીતા ઠુમ્મર હોવાનું સામે આવ્યું છે. યુવતીના અકાળે મોતથી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે. પતંગ ઉડાવવી એ પણ કેટલાક લોકો માટે સમસ્યા બની જાય છે. ખરેખર, લોકો પતંગ ઉડાવવા માટે માંઝાનો ઉપયોગ કરે છે. આ એકદમ ખતરનાક છે, અને ઘણા કિસ્સાઓમાં તે બાઈક અથવા સ્કૂટર સવારોની ગરદન કાપી નાખે



છે. આવી ઘટનાઓને ધ્યાનમાં રાખીને ભારતમાં ચાઈનીઝ માંઝા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જો કે આજે પણ આ આવા માંઝા આડેધડ વેચાય છે. રસ્તા વચ્ચે ટ્રેક્ટર અથડાતા લોકો ઘાયલ થાય છે. કેટલાક કિસ્સાઓમાં, માંઝાને કારણે મૃત્યુ પણ થાય છે. બાઈક સવારો માટે આ સૌથી ખતરનાક છે. જો તમે પણ પતંગ ઉડાડતી વખતે બાઈક પર મુસાફરી કરવા જાવ છો, તો એક જુગાડ તમારો જીવ બચાવી શકે છે. આ એક એવી યુક્તિ છે જે તમારી ગરદનને નુકસાનથી બચાવી શકે છે. તમે ગમે ત્યારે તેનો ઉપયોગ કરી શકો છો. માંઝા દ્વારા થતા અકસ્માતોમાંથી બોધપાઠ લઈને, તમે સલામતી માટે આ જુગાડ અજમાવી શકો છો. ચાલો જોઈએ કે આ જુગાડ કેવી રીતે કામ કરે છે. તેને બનાવવા માટે એન્ટેનાની જરૂર પડશે. તમે કાર એન્ટેનાનો ઉપયોગ કરી શકો છો. આ સિવાય સ્ટેનલેસ સ્ટીલની પાઈપ અને નટ-બોલ્ટ વગેરેની જરૂર પડશે. તેને પાઈપની મદદથી બાઈકના હેન્ડલ પર ફીટ કરવામાં આવે છે. જ્યારે મંઝા એન્ટેના મારશે ત્યારે તમને ખબર પડશે. આ જુગાડ તમે જાતે અથવા મિકેનિકની મદદથી તૈયાર કરી શકો છો. આ જુગાડ જીવન બચાવવામાં મદદ કરી શકે છે. આ સિવાય મોટી બાઈક વિઝરનો પણ ઉપયોગ કરી શકાય છે. નેકબેન્ડ, મફલર કે દુપટ્ટો વગેરે પણ વાપરી શકાય.

**વિશેષ** સરકાર તરફથી અમને ટ્રેક્ટર અને ટેંકરની સહાય કરવામાં આવી છે, જે અમારી સંસ્થાના મુખ્ય અંગો બની રહ્યા છે : મનીષભાઈ નાવડીયા

# બોટાદની ગ્રીન આર્મી : વતનને વૃંદાવન બનાવવાની નેમ સાથે કાર્યરત ગ્રીન મેનની ટીમ

### “વૃક્ષારોપણ થકી જ પર્યાવરણમાં સંતુલન જળવાશે, વધુને વધુ વૃક્ષો વાવીને તેનું જતન કરો, એક ટીમ બનાવીને આ કાર્યમાં જોડાઈ આપણાં ગામ અને દેશને વૃંદાવન બનાવીએ”

આલેખન - હેમાલી ભટ્ટ

। (માહિતી બ્યુરો) બોટાદ ।

સર્વત્ર હરિયાળી, પક્ષીઓનો મીઠો મધૂરો કલરવ, શુદ્ધ વાતાવરણ અને મનને શાંતિ... આવું દ્રશ્ય કોને ન ગમે?

રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી અંતર્ગત યુવા પ્રતિભા શ્રેણી અન્વયે આજે આપણે “મિશન ગ્રીન-બોટાદ: વતનને હરિયાળું બનાવવાના સંકલ્પ” સાથે કાર્યરત બોટાદની ગ્રીન આર્મી સાથે મુલાકાત કરીશું.

બોટાદ અને સુરતના મિત્રોએ ભેગા મળીને વિચાર્યું... કે આપણે આપણાં વતનને હરિયાળું બનાવીએ તો? આપણાં વતનને જ વૃંદાવન બનાવીએ તો? બસ, આ જ વિચાર સાથે બોટાદમાં કરવામાં આવી મિશન ગ્રીન સંસ્થાની સ્થાપના..સરકારની સહાયથી આ સંસ્થાને નવો વેગ મળ્યો અને આ યુવા બ્રિગેડે મિશન મોડમાં કામગીરી શરૂ કરી દીધી.

સુરતમાં રહીને વ્યવસાય કરતા મૂળ બોટાદના વતની એવા વિજયભાઈ ઈટાલીયાએ વતન પ્રેમ ઉજાગર કરવા બોટાદને વૃંદાવન બનાવવાની નેમ લીધી હતી. વિજયભાઈ પોતાની આ યાત્રા વિશે જણાવતા કહે છે કે, “મારી માતૃભૂમિ બોટાદ છે અને માતૃભૂમિ માટે કંઈક કરવાની ઈચ્છા સાથે મિશન ગ્રીન-બોટાદની સ્થાપના કરી હતી. બોટાદને હરિયાળું બનાવવાનું કાર્ય મિશન મોડમાં કરવું હતુ માટે જ અમે અમારી સંસ્થાનું નામ મિશન ગ્રીન-બોટાદ આપ્યું હતું. વર્ષ ૨૦૧૯માં મિશન ગ્રીન બોટાદની શરૂઆત






અમે મિત્રોએ સાથે મળીને કરી હતી. તે સમયે અમે બોટાદ શહેરમાં ૧૫૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર, ૩૦૦ જેટલા પીપળાનું વાવેતર તેમજ વૃક્ષોનું નિઃશૂલ્ક વિતરણ સહિતની પ્રવૃત્તિઓ કરી હતી. જે અમે દર વર્ષે અનુસરી રહ્યા છીએ. અમે વૃક્ષારોપણ પ્રત્યે ટ્રેન્ડ પણ ચેન્જ કર્યો છે, જન્મ દિવસ, લગ્નની વર્ષ ગાંઠ જેવા શુભ પ્રસંગોએ લોકો ઉજવણી કરવાના ખોટા ખર્ચ કરવાના બદલે વૃક્ષોનું વાવેતર કરવા લાગ્યા છે તેવી જ રીતે મૃત્યુ, પૂણ્યતિથિ જેવા માઠા પ્રસંગોએ પણ લોકો યાદગીરી રૂપે વૃક્ષોનું દાન કરતા થયા છે.”

શ્રી ઈટાલીયાએ વધુમાં ઉમેર્યું હતું કે, “વૃક્ષારોપણ થકી જ પર્યાવરણમાં સંતુલન જળવાશે. ગામ-શહેરમાં વધુને વધુ વૃક્ષો વાવીને તેનું જતન કરો. એક ટીમ બનાવીને આ કાર્યમાં જોડાઈ અને આપણાં ગામ અને દેશને વૃંદાવન બનાવીએ.”

મિશન ગ્રીન-બોટાદના સભ્ય મનીષભાઈ નાવડીયાએ જણાવ્યું હતું કે, “રાજ્ય સરકારશ્રી તેમજ જિલ્લા વહીવટી તંત્ર તરફથી અમને ખૂબ જ સારો સહયોગ મળી રહ્યો છે. વન વિભાગ તરફથી અમને ખૂબ સહકાર સાંપડ્યો છે. સરકાર તરફથી અમને ટ્રેક્ટર અને ટેંકરની સહાય કરવામાં આવી છે, જે અમારી સંસ્થાના મુખ્ય અંગો બની રહ્યા છે. અમે શહેરમાં વૃક્ષારોપણ કરી ટ્રેક્ટર અને ટેંકરની મદદથી જ તમામ વૃક્ષોનું જતન કરવા સમર્થ બન્યા છીએ. સાથેસાથે અમને રાજ્ય અને જિલ્લા કક્ષાએથી અનેક પ્રોત્સાહનો પ્રાપ્ત થયા છે. જે બદલ અમે સરકારના ખૂબ ખૂબ આભારી છીએ.”

મિશન ગ્રીન-બોટાદના અન્ય સભ્ય જિજ્ઞેશ કળથીયાએ પોતાના અનુભવ વિશે જણાવ્યું હતું કે, “હું મિશન ગ્રીન-બોટાદ સાથે શરૂઆતથી કાર્યરત છું. કોરોનાકાળમાં અમે તાજપર રોડ પર ઉપવનનું નિર્માણ કરીને વેરાન જગ્યાને હરિયાળી બનાવી હતી. બોટાદના મહત્વના તમામ રસ્તાઓ પર વૃક્ષારોપણ કર્યું છે. આ સિવાય અમે નક્ષત્ર વનનું નિર્માણ કર્યું છે. ઉપરાંત આપણાં બોટાદમાં જ પંચવટી વન, સહજાનંદ ઉપવન સહિતના વનનું નિર્માણ કર્યું છે. હું તમામ યુવાનોને કહેવા ઈચ્છું છું કે જે ગામમાં બિનજરૂરી જગ્યાઓ હોય ત્યા વૃક્ષારોપણ કરવામાં આવે તો ગામના કુદરતી સૌંદર્યમાં વધારો કરી શકાય છે.”

પ્રાચીન ધર્મગ્રંથોમાં વૃક્ષોનું અદભૂત વર્ણન છે, જે વર્તમાન સમયમાં પણ લાગુ પડે છે. વૃક્ષોની પૂજા કરવી તે આપણી સંસ્કૃતિનો ભાગ છે. સંપૂર્ણ આયુર્વેદ કુદરતની આ કળા એટલે કે, વનસ્પતિ પર જ આધારિત છે. આપણાં ઋષિમુનિઓ વનમાં રહીને ધર્મગ્રંથોની રચના કરતા, તેની પાછળનું કારણ ત્યાંની શાંતિ અને રમણીય વાતાવરણ જ હશે! જે તેમના મનને એકાગ્ર રાખવામાં સહાયરૂપ બની હતી. વૃક્ષોના જીવનનો ઉદ્દેશ જ પરોપકાર છે. ત્યારે આપણે પણ આ પરંપરા જાળવતા આપણાં પર્યાવરણ અને પ્રકૃતિ પ્રત્યે જાગૃત રહીને તેના સૌંદર્યમાં વધારો કરવાનો અવશ્ય પ્રયત્ન કરવો જોઈએ. જો આ વાત વિજયભાઈની જેમ આજની યુવાપેઢી સમજી અને અનુસરે તો વતનને વૃંદાવન બનતાં વાર નહિ લાગે...શું માનવું છે તમારું....

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ઓડિયો સંદેશ

# હું ૧૧ દિવસ માટે વિશેષ અનુષ્ઠાન કરી રહ્યો છું, પ્રાણ પ્રતિષ્ઠાનો સાક્ષી બનવું સૌભાગ્ય છે

## પીએમ મોદીએ કહ્યું, એ સપનું જે ઘણી પેઢીઓએ વર્ષોથી તેમના હૃદયમાં રાખ્યું છે, તેની સિદ્ધિ સમયે મને હાજર રહેવાનો મોકો મળી રહ્યો છે

। નવી દિલ્હી, તા.૧૨ ।

અયોધ્યામાં ૨૨ જાન્યુઆરીએ રામ લલ્લાનો અભિષેક થવાનો છે. દેશભરમાં આ અવસરની રાહ જોવાઈ રહી અને તૈયારીઓ થઈ રહી છે. અયોધ્યામાં રામ લલ્લાના અભિષેક પહેલા પીએમ મોદીએ આજથી એટલે કે શુક્રવારથી વિશેષ અનુષ્ઠાનની શરૂઆત કરી છે. પીએમ મોદીએ શુક્રવારે એક ખાસ સંદેશમાં કહ્યું કે આજથી તેઓ રામ લલ્લાના અભિષેક માટે ૧૧ દિવસીય વિશેષ અનુષ્ઠાન શરૂ કરી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે હું ખૂબ જ લાગણીશીલ છું અને મારી લાગણીઓને શબ્દોમાં વ્યક્ત કરવી ખૂબ જ મુશ્કેલ છે. તમને જણાવી દઈએ કે ૨૨ જાન્યુઆરીએ પીએમ મોદી અયોધ્યામાં ભવ્ય રામ મંદિરનું ઉદ્‌ઘાટન કરશે. પીએમ મોદીએ કહ્યું, ’એ સપનું જે ઘણી પેઢીઓએ વર્ષોથી તેમના હૃદયમાં રાખ્યું છે. તેની સિદ્ધિ સમયે મને હાજર રહેવાનો મોકો મળી રહ્યો છે. જેમ કે આપણા શાસ્ત્રોમાં પણ કહેવામાં આવ્યું છે કે ભગવાનની ઉપાસના કરવા માટે આપણે પોતાની અંદર દૈવી ભાવના જાગૃત કરવી પડશે. તેમણે વધુમાં કહ્યું કે, આ માટે શાસ્ત્રોમાં ઉપવાસ અને કડક નિયમો જણાવવામાં આવ્યા છે. તે મુજબ હું આજથી ૧૧ દિવસની વિશેષ વિધિ શરૂ કરી રહ્યો છું. આ પવિત્ર અવસર પર હું ભગવાનના ચરણોમાં પ્રાર્થના કરું છું. પોતાના ઓડિયો સંદેશમાં પીએમે કહ્યું, ’મારું સૌભાગ્ય છે કે હું મારી ૧૧ દિવસની ધાર્મિક વિધિ નાસિક-ધામ પંચવટીથી શરૂ કરી રહ્યો છું. પંચવટી એ પવિત્ર ભૂમિ છે જ્યાં ભગવાન રામે ઘણો સમય વિતાવ્યો હતો. આજે મારા માટે એક સુખદ સંયોગ છે કે આજે સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ છે.



તેમણે કહ્યું, ’તે સ્વામી વિવેકાનંદ હતા જેમણે ભારતની આત્માને હચમચાવી દીધી હતી, જેના પર હજારો વર્ષોથી હુમલો કરવામાં આવ્યો હતો. આજે એ જ આત્મવિશ્વાસ ભવ્ય રામ મંદિરના રૂપમાં આપણી ઓળખ તરીકે દરેકને દેખાય છે. મોદીએ પોતાના વીડિયો સંદેશની શરૂઆત સિયાવર રામ ચંદ્ર કી જય કહીને કરી. તેમણે કહ્યું હતું કે, મારા દેશવાસીઓ, રામ-રામ. જીવનની કેટલીક ક્ષણો ઈશ્વરીય આશીર્વાદને કારણે જ વાસ્તવિકતામાં ફેરવાય છે. આજનો દિવસ આપણા બધા ભારતીયો માટે અને સમગ્ર વિશ્વના રામ ભક્તો માટે આવો પવિત્ર અવસર છે. સર્વત્ર ભગવાન શ્રી રામની ભક્તિનું અદ્ભુત વાતાવરણ છે. ચારેય દિશામાં રામના નામની ધૂન એ રામ ભજનોની અદભૂત સુંદર ધૂન વાગી રહી છે. બધા ૨૨મી જાન્યુઆરીની રાહ જોઈ રહ્યા છે. એક ઐતિહાસિક પવિત્ર ક્ષણની. અયોધ્યામાં રામલલાના અભિષેકને હવે માત્ર ૧૧ દિવસ બાકી છે. હું ભાગ્યશાળી છું કે મને પણ આ શુભ પ્રસંગના સાક્ષી બનવાનો અવસર મળી રહ્યો છે. હું લાગણીશીલ છું. હું મારા જીવનમાં પહેલીવાર આવી લાગણીઓમાંથી પસાર થઈ રહ્યો છું. હું ભક્તિની એક અલગ જ અનુભૂતિ કારી રહ્યો છું. મારા માટે, આ અભિવ્યક્તિનો નહીં, પરંતુ અનુભવનો અવસર છે. હું ઈચ્છતો હોવા છતાં, હું તેની ગહનતા, વ્યાપકતા અને તીવ્રતાને શબ્દોમાં રજૂ કરી શકતો નથી. તમે પણ મારી પરિસ્થિતિ સમજી શકો છો. પીએમ મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોતાના સંદેશમાં કહ્યું હતું કે, ‘અયોધ્યામાં રામ લલ્લાના અભિષેકને માત્ર ૧૧ દિવસ બાકી છે. હું ભાગ્યશાળી છું કે હું પણ આ શુભ પ્રસંગનો સાક્ષી બનીશ. ભગવાને મને પ્રાણ પ્રતિષ્ઠા જેવા મોટા અવસર દરમિયાન ભારતના તમામ લોકોનું પ્રતિનિધિત્વ કરવા માટે નિમિત્ત બનાવ્યો છે. આને ધ્યાનમાં રાખીને હું આજથી ૧૧ દિવસની વિશેષ વિધિ શરૂ કરી રહ્યો છું. હું તમામ લોકો પાસેથી આશીર્વાદ માંગું છું. આ સમયે મારી લાગણીઓને શબ્દોમાં વ્યક્ત કરવી ખૂબ મુશ્કેલ છે, પરંતુ મેં મારા તરફથી પ્રયાસ કર્યો છે. પીએમ મોદીએ વધુમાં કહ્યું હતું કે કે, ‘જે સપનું અનેક પેઢીઓ વર્ષોથી એક સંકલની જેમ હૃદયમાં જીવ્યું હતું, તેની પૂર્તિ સમયે મને હાજર રહેવાનું સૌભાગ્ય મળ્યું છે. ભગવાને મને પ્રાણ પ્રતિષ્ઠા દરમિયાન ભારતના તમામ લોકોનું પ્રતિનિધિત્વ કરવા માટે એક સાધન બનાવ્યો છે. આ એક મોટી જવાબદારી છે. જેમ કે આપણા શાસ્ત્રોમાં કહેવામાં આવ્યું છે કે ભગવાનના યજ્ઞ અને ઉપાસના માટે આપણે પોતાનામાં પણ દિવ્ય ચેતનાને જાગૃત કરવી પડશે. તેથી, શાસ્ત્રોમાં ઉપવાસ અને કડક નિયમોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે પ્રાણ પ્રતિષ્ઠા પહેલા અનુસરવા જોઈએ.

**કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમારોહમાં ૧ લાખથી વધુ લોકોએ હાજરી આપી**

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાસિકમાં ૨૭માં નેશનલ યુથ ફેસ્ટિવલનું ઉદ્‌ઘાટન કર્યું

। નાસિક, તા.૧૨ ।

ભારતના આદર્શ મહાપુરુષ સ્વામી વિવેકાનંદની ૧૬૧મી જન્મજયંતિના શુભ અવસરની ઉજવણીના નેશનલ યુથ ફેસ્ટિવલ નિમિત્તે આયોજિત ૨૭મો રાષ્ટ્રીય યુવા ઉત્સવ ૨૦૨૭, દેશના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. કુંભ શહેર નાસિકમાં ૧૨ જાન્યુઆરીથી ૧૬ જાન્યુઆરી દરમિયાન ૨૭માં નેશનલ યુથ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું છે. માનનીય વડાપ્રધાન રોડ શો દ્વારા સ્થળ (તપોવન ગ્રાઉન્ડ) પહોંચ્યા. કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમારોહમાં ૧ લાખથી વધુ લોકોએ હાજરી આપી હતી. દેશભરમાંથી હજારો યુવાનો ઉપસ્થિત રહેલા આ મહાકુંભના ઉદ્‌ઘાટન કાર્યક્રમમાં યુવાનોને સંબોધતા માનનીય વડાપ્રધાને કહ્યું, “આજનો દિવસ ભારતની યુવા શક્તિનો દિવસ છે.

આ દિવસ એ મહાપુરુષને સમર્પિત છે જેમણે ગુલામીના દિવસોમાં ભારતને નવી ઉર્જાથી ભરી દીધું હતું... સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ પર અહીં આવીને મને આનંદ થાય છે... નેશનલ યુથ ફેસ્ટિવલ પર મારી શુભેચ્છાઓ. આજે રાજમાતા જીજા બાઈની જન્મજયંતિ છે, જેઓ ભારતમાં ‘નારી શક્તિ’ના પ્રતિક છે. આજના ભારતના યુવાનો માને છે કે ‘વિકાસ અને તાકાત’ બંને હાંસલ કરવાના છે. મને આ પેઢીના યુવાનોમાં વિશ્વાસ છે કારણ કે દેશના યુવાનો આત્મસમર્પણ કરવા તૈયાર નથી. હું માનું છું કે યુવાનો ભારતને નવી ઊંચાઈઓ પર લઈ જશે. હું આજના યુવાનોને ભારતની સૌથી નસીબદાર પેઢી માનું છું, જેમના હાથમાં પોતાની ઓળખ બનાવવાની સુવર્ણ તક છે. ભારત વિશ્વનું મેન્યુફેક્ચરિંગ હબ બની રહ્યું છે, આનો શ્રેય દેશના યુવાનોને જાય છે. ઉદઘાટન સમારોહમાં



મહારાષ્ટ્રના માનનીય રાજ્યપાલ શ્રી રમેશ બેન્સ, માનનીય મુખ્યમંત્રી શ્રી એકનાથ સંભાજી શિંદે, માનનીય કેન્દ્રીય રમતગમત અને યુવા બાબતોના મંત્રી શ્રી અનુરાગ સિંહ ઠાકુર, કેન્દ્રીય રાજ્ય મંત્રી માનનીય ડૉ. ભારતી પવાર, માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર સિંહ ઉપસ્થિત રહ્યા હતા. ફડણવીસ, માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી અજિત પવાર, માનનીય શ્રી છગન ભુજબળ, મહારાષ્ટ્રના અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રી, મહારાષ્ટ્રના મહેસૂલ મંત્રી, માનનીય શ્રી રાધાકૃષ્ણ વિખેન-પાટીલ, પંચાયત રાજ અને ગ્રામીણ વિકાસ મંત્રી, માનનીય શ્રી દાદાજી ભુસે, મહારાષ્ટ્રના રમતગમત અને યુવા બાબતોના મંત્રી, શ્રી સંજય બંસોડ, મહારાષ્ટ્ર વિધાન પરિષદના સભ્ય, માનનીય શ્રી ચંદ્રશેખર બાવનકુલે અને તમામ લોકસભા સાંસદો અને ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા. માનનીય મુખ્યમંત્રીએ સ્વામી વિવેકાનંદના સંદેશને પુનરાવર્તિત કર્યો, “ઊઠો, જાગો અને લક્ષ્ય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી રોકશો નહીં.” આ પાંચ દિવસીય ઉત્સવમાં દેશના દરેક રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશના કલાકારો ભાગ લઈ રહ્યા છે. તેમાં નૃત્ય, ગાયન, ભાષણ, ફોટોગ્રાફી, પોસ્ટર મેકિંગ, વાર્તા લેખન, સારા વિચારો, યુવા કાર્ય, સાહસિક પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે. આ કાર્યક્રમોની સાથે, મહારાષ્ટ્ર રાજ્યના ઉભરતા કલાકારો, ઉદ્યોગસાહસિકો અને સંશોધકો માટે મહારાષ્ટ્ર યુથ એક્સ્પો દ્વારા એક વિશિષ્ટ પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવ્યું છે.

### શેરબજારનો કારોબાર બમ્પર તેજી જોવા મળી

# સેન્સેક્સમાં ૮૪૭ તેમજ નિફ્ટીમાં ૨૪૭ પોઈન્ટનો ઊછાળો જોવા મળ્યો

। (એજન્સી) મુંબઈ, તા.૧૨ ।

શેરબજારનો કારોબાર શુક્રવારે બમ્પર તેજી સાથે સમાપ્ત થયો. બીએસઈસેન્સેક્સ ૮૪૭ પોઈન્ટના ઉછાળા સાથે ૭૨૫૬૮ ના સ્તર પર બંધ થવામાં સફળ રહ્યો હતો. જો નેશનલ સ્ટોક એક્સચેન્જના નિફ્ટી ઈન્ડેક્સની વાત કરીએ તો તે ૨૪૭ પોઈન્ટના વધારા સાથે ૨૧૮૯૪ ના સ્તર પર બંધ થવામાં સફળ રહ્યો છે. શેરબજારના કારોબારમાં આઈટી કંપનીઓના શેરમાં જોરદાર ઉછાળો જોવા મળ્યો છે, જ્યારે સિપ્લા, અપોલો હોસ્પિટલ, બજાજ ફિનસર્વ અને અલ્ટ્રાટેક સિમેન્ટના શેર નબળાઈ સાથે બંધ થયા છે. એચડીએફસીલાઈફના ત્રીજા ક્વાર્ટરના પરિણામો બહાર આવ્યા છે. ૧૦ વર્ષના આધાર પર કંપનીનો નફો ૧૬ ટકા વધીને રૂ. ૩૬૭ કરોડ થયો છે. શુક્રવારે, શેરબજારમાં બમ્પર વધારો નોંધાયો હતો અને બીએસઈસેન્સેક્સ અને નિફ્ટી નવા રેકોર્ડ તરફ આગળ વધ્યા હતા. શુક્રવારે આઈટી શેર્સમાં બમ્પર વધારો નોંધાયો હતો. ઈન્ફોસિસના શેર ૮ ટકાના ઉછાળા સાથે બંધ થયા હતા, જ્યારે ટેક મહિન્દ્રાના શેર ૫ ટકાના ઉછાળા સાથે બંધ થયા હતા, એલટીઆઈ માઈન્ડટ્રીના શેર ૪.૬૫ ટકાના વધારા સાથે બંધ થયા હતા અને ઓએનજીસીના શેરમાં ૫.૬૪ ટકાનો બમ્પર વધારો નોંધાયો હતો. શુક્રવારે, શેરબજારના વ્યસ્ત તબક્કા દરમિયાન, નિફ્ટી મિડકેપ ૧૦૦, BSE સ્મોલ કેપ, નિફ્ટી આઈટી અને નિફ્ટી બેંક સૂચકાંકોમાં બમ્પર વધારો નોંધાયો હતો. શુક્રવારે નિફ્ટી આઈટી ઈન્ડેક્સ ૫ ટકાથી વધુના વધારા સાથે ૩૬૪૯૫ ના સ્તર પર બંધ થયો હતો. મલ્ટિબેગર રિટર્ન આપતા શેરોની વાત કરીએ તો, કામધેનુ લિમિટેડ, બ્રાન્ડ કોન્સેપ્ટ, જિયો ફાઈનાન્શિયલ, આઈસીઆઈસીઆઈબેંક, કોટક મહિન્દ્રા બેંક, પટેલ એન્જિનિયરિંગ અને ટાટા મોટર્સના શેરમાં બમ્પર વૃદ્ધિ નોંધાઈ છે. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એચડીએફસી બેંક, દેવયાની ઈન્ટરનેશનલ, ગેઈલ ઈન્ડિયા, એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ, એન્જિનિયર્સ ઈન્ડિયા, એચડીએફસી લાઈફ, યુનિ પાર્ટ્સ ઈન્ડિયા, સ્ટોવ ક્રાફ્ટ, ઓમ ઈન્ફ્રા અને ગ્લોબસ સ્પિરિટના શેરમાં નબળાઈ નોંધાઈ હતી.

### વિરોધ પક્ષોએ ક્યારેય વિચાર્યું નહોતું કે રામમંદિરનું નિર્માણ થશે : સ્વામી

। નવી દિલ્હી, તા.૧૨ ।

ભાજપ નેતા અને રાજ્યસભાના પૂર્વ સાંસદ સુબ્રમણ્યમ રામમંદિરના પ્રાણ પ્રતિષ્ઠા સમારોહ અંગે વિપક્ષ તરફથી કરવામાં આવી રહેલી નિવેદનબાજી અંગે આકરા પ્રહારો કરતાં કહ્યું કે વિપક્ષને ઈર્ષ્યા થઈ રહી છે. તેમણે ક્યારેય વિચાર્યું નહોતું કે રામમંદિરનું નિર્માણ થશે. સુબ્રમણ્યમ સ્વામીએ કહ્યું કે જે લોકોને બહારથી ફન્ડિંગ મળે છે ફક્ત એ જ લોકો તેનો વિરોધ કરી રહ્યા છે. આટલું જ નહીં લઘુમતી સમુદાય પર રામમંદિરને લઈને ખુશ છે.

### સરહદ પર પાકિસ્તાનની નાપાક હરકત જારી

# પાકે. જંગલમાં આગ લગાવતા છેક જમ્મુ-કાશ્મીર સુધી ખળભળાટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

પાકિસ્તાને જંગલમાં આગ લગાવતા છેક જમ્મુ-કાશ્મીર સુધી ખળભળાટ મચ્યો છે. પડોશી દુશ્મને સરહદ નજીક જંગલમાં આગ લગાવતા ત્યાં બિછાવેલી લેન્ડમાઈનમાં ધડાધડ બ્લાસ્ટ થઈ રહ્યા છે, જેનો અવાજ છેક જમ્મુ-કાશ્મીર સુધી સંભળાઈ રહ્યો છે. પાકિસ્તાન ઘણા દિવસોથી આવી નાપાક હરકતો કરી રહ્યું છે. તેણે જંગલમાં લગાવેલી આગ છેક એક કિલોમીટર દૂર એલઓસી સુધી પહોંચી ગઈ છે. જમ્મુ કાશ્મીરના પૂંછમાં ભારત-પાકિસ્તાન નિયંત્રણ રેખા (એલઓસી) સુધી લાગેલી આગ પર કાબુ મેળવવા સેના પ્રયાસ કરી રહ્યું છે. ઉપરાંત બોર્ડર પર પણ હાઈએલર્ટ જારી કરાયું છે. લશ્કરી સૂત્રોના જણાવ્યા મુજબ આગની ઝપેટમાં એલઓસીની આસપાસનો લગભગ એક કિલોમીટર સુધીનો વિસ્તાર આવી ગયો છે. ઉપરાંત જંગલના વન્યજીવો અને વન સંપત્તિને પણ ઘણું નુકસાન થયું છે. હાલ આગ લાગવાના કારણોની તપાસ કરવામાં આવી રહી છે.

પાકિસ્તાનની સરહદ પાસે જંગલમાં લાગેલી આગ છેક ભારતીય સરહદ સુધી ફેલાતા ભારતીય સેના એલર્ટ પર છે. એવી આશંકા વ્યક્ત કરાઈ છે કે, દુશ્મન દેશ પાકિસ્તાન કોઈ યોજના બનાવી રહ્યું છે? પાકિસ્તાન આતંકવાદીઓને ભારતમાં ઘૂસાડવા પણ ષડયંત્ર ઘડી રહ્યો હોવાની આશંકા છે. સુરંગોમાં બ્લાસ્ટ થયા બાદ તે ખાલી થઈ જશે અને આવવા-જવાનો પણ રસ્તો સાફ થઈ જશે. આવી સ્થિતિમાં આતંકીઓ સુરંગોના રસ્તે ભારતમાં ઘૂસી શકે છે. મેંઢર વિસ્તાર પાસેની એલઓસી પર આગ પહોંચી ગઈ છે.

### ઓછી જનસંખ્યાને લઘુમતીના દરજ્જાની માગ

## કેન્દ્રને આંકડા ન આપનારા રાજ્યો પ્રત્યે સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

સુપ્રીમ કોર્ટે આજે રાજ્યમાં ઓછી જનસંખ્યા ધરાવતા જ્ઞાતિના લોકોને લઘુમતીનો દરજ્જો આપવાની માંગ કરતી અરજી પર સુનાવણી હાથ ધરી હતી, જેમાં કોર્ટે કેન્દ્રને ડેટા ન આપનાર રાજ્યો પ્રત્યે નારાજગી વ્યક્ત કરી હતી. કોર્ટે તમામ રાજ્યોને ડેટા આપવા ૬ અઠવાડિયાનો સમય આપ્યો છે. કોર્ટે કહ્યું કે, જો રાજ્યો સૂચનાનું પાલન નહીં કરે તો ૧૦ હજારનો દંડ ફટકારાશે. હવે આ મામલે આગામી સુનાવણી એપ્રિલમાં હાથ ધરાશે.

ભાજપ નેતા અને વકીલ અશ્વિની ઉપાધ્યાયે સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરી રાજ્યમાં ઓછી જનસંખ્યા ધરાવતા જ્ઞાતિના લોકોને લઘુમતીનો દરજ્જો આપવાની માંગ કરી છે. તેમણે અરજીમાં કહ્યું છે કે, ‘હિન્દૂ ૯ રાજ્યોમાં વસ્તી મુજબ લઘુમતી છે, ૫ રંતુ સત્તાવાર દરજ્જો ન મળતા તેમને શૈક્ષણિક સંસ્થા ખોલવાનો અને ચલાવવાનો હક નથી. ઉપ રાંત તેમણે સરકારી સહાય પણ મળતી નથી.’ આ મામલે કોર્ટે સૂચના આપી હતી કે, કેન્દ્ર સરકાર રાજ્યો પાસેથી જરૂરી ડેટા મેળવી જવાબ દાખલ કરે.



કેન્દ્રએ દલીલ કરી હતી કે, ‘અમને અત્યાર સુધીમાં ૨૪ રાજ્યો અને ૬ કેન્દ્ર શાસિત પ્રદેશે ડેટા આપ્યો છે, પરંતુ હજુ સુધી અરૂણાચલ પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, ઝારખંડ, લક્ષદ્વીપ, રાજસ્થાન અને તેલંગણાએ ડેટા આપ્યો નથી.’

સુપ્રીમ કોર્ટે ડેટા ન આપ નાર રાજ્યોને ૨ અઠવાડિયામાં સ્ટેટસ રિપોર્ટ દાખલ કરવા સૂચના આપી છે.

ભારતના ૮ રાજ્યોમાં ૫૦ ટકાથી પણ ઓછી હિન્દૂ વસ્તી હોવાથી ત્યાં તેઓ લઘુમતી શ્રેણીમાં છે. આ મામલે વર્ષ ૨૦૧૭માં સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરાઈ હતી. આ રાજ્યોમાં જમ્મુ-કાશ્મીર, પંજાબ, લક્ષદ્વીપ, મિઝોરમ, નાગાલેન્ડ, મેઘાલય, અરૂણાચલ પ્રદેશ અને મણિપુર જેવા રાજ્યોનો







વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગોદાવરી નદીના કિનારે સ્થિત રામકુંડમાં પ્રાર્થના કરી હતી. રામાયણથી સંબંધિત સ્થળોમાં પંચવટીનું વિશેષ મહત્વ માનવામાં આવે છે કારણ કે તેનાથી સંબંધિત ઘણી મહત્વપૂર્ણ ઘટનાઓ અહીં બની હતી. ભગવાન રામ, માતા સીતા અને લક્ષ્મણે તેમના વનવાસ દરમિયાન કેટલાક વર્ષો પંચવટી ક્ષેત્રમાં સ્થિત દંડકારણ્ય જંગલમાં વિતાવ્યા હતા. પંચવટી નામનો અર્થ થાય છે ૫ વટવૃક્ષોની જમીન. એવી પણ એક દંતકથા છે કે ભગવાન રામે અહીં તેમની ઝૂંપડી બનાવી હતી કારણ કે ૫ વડના વૃક્ષોની હાજરીથી આ વિસ્તાર શુભ બન્યો હતો.

### પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને લઈને ઉલ્લાસનો માહોલ

## રામ મંદિરમાં તમામ ધર્મના લોકોને પ્રવેશ મળી શકશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

રામ મંદિરના ઉદ્ઘાટન પહેલા મંદિર નિર્માણના અધ્યક્ષ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પૂર્વ સચિવ રહી ચૂકેલા નૃપેન્દ્ર મિશ્રાએ રામ મંદિરને લઈને તમામ જાણકારીઓ આપી છે.

૫૦૦ વર્ષના લાંબા સંઘર્ષ બાદ આખરે અયોધ્યામાં રામ મંદિરનું નિર્માણ થઈ રહ્યુ છે. મંદિરના પ્રથમ માળનું નિર્માણ કાર્ય પૂરુ થયા બાદ ૨૨ જાન્યુઆરીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હાથે ઉદ્ઘાટન થવા જઈ રહ્યુ છે. તેના પહેલા મંદિર નિર્માણના અધ્યક્ષ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પૂર્વ પ્રમુખ સચિવ રહી ચૂકેલા નૃપેન્દ્ર મિશ્રાએ જણાવ્યુ કે મંદિરમાં કયા ધર્મના લોકો પ્રવેશ કરી શકશે અને કયા ધર્મના લોકોને મંદિર પરિસરમાં પણ પ્રવેશ કરવાની પરવાનગી હશે નહીં. નૃપેન્દ્ર મિશ્રાએ કહ્યુ કે રામ મંદિરમાં તમામ લોકોને પ્રવેશ મળશે. કોઈને પણ મંદિરમાં આવવા માટે ધર્મ, જાતિ કે ઓળખ પત્રની જરૂર નથી. આ સનાતનનું મંદિર છે. અહીં તમામ લોકો આવી શકે છે. જ્યારે કોઈ વ્યક્તિ મંદિરમાં દર્શન કરવા આવશે તો તેમને તેમનો ધર્મ કે ઓળખ વિશે પૂછવામાં આવશે નહીં. કોઈના પણ પ્રવેશ પર પ્રતિબંધ નથી. મંદિરમાં બસ વર્તન પર રોક લગાવવામાં આવશે. જોકે, વર્તનની રોક ધર્મના આધારે કરવામાં આવશે નહીં.

રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા સમારોહમાં કોઈને પણ મોબાઈલ ફોન લઈ જવાની પરવાનગી આપ વામાં આવશે નહીં. વીવીઆઈપી મહેમાન પણ મંદિરમાં ફોન લઈ જઈ શકશે નહીં. ૨૨ જાન્યુઆરીએ અયોધ્યામાં થનારા કાર્યક્રમ દરમિયાન તમામ મહેમાનોએ વડાપ્રધાન આવ્યાના ૩ કલાક પહેલા પહોંચવુ પડશે.

રામ મંદિર નિર્માણ સમિતિના અધ્યક્ષે જણાવ્યુ કે સમારોહના દિવસે મંદિરની પૂજામાં કોઈ વધુ પરિવર્તન હશે નહીં અને તે જેવી રીતે ચાલે છે, તેવી જ રીતે ચાલશે. જોકે અહીં પૂજા-અર્ચના કરનાર પૂજારીઓની સંખ્યામાં વધારો કરવામાં આવશે. મંદિરમાં લોકો રાત્રે દસ વાગ્યા સુધી રામલલા દર્શન કરી શકશે.

ઉલ્લેખનીય છે કે અયોધ્યામાં થનારા પ્રાણ પ્રતિષ્ઠા સમારોહની તૈયારીઓ જોર-શોરથી ચાલુ છે. ૨૨ જાન્યુઆરીએ થનારા કાર્યક્રમ માટે મહેમાનોને આમંત્રણ પણ મોકલી દેવાયુ છે. આ સમારોહમાં સાધુ-સંતો સિવાય રાજકારણ, રમત-ગમત અને બોલીવુડની ઘણી હસ્તીઓ સામેલ થશે.

# તંત્રી લેખ...

## સરદાર પટેલની તત્પરતાના કારણે લક્ષદ્વીપ ભારતનો ભાગ જ બની રહ્યો

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતના સૌથી નાના કેન્દ્રશાસિત પ્રદેશ લક્ષદ્વીપની મુલાકાત લીધા બાદ લક્ષદ્વીપના ટાપુઓ ભારતીય અને આંતરરાષ્ટ્રીય ટૂરિસ્ટ્સમાં ચર્ચાનો વિષય બન્યા છે. માલદિવનાં મંત્રીઓએ કરેલી પીએમ મોદી અને લક્ષદ્વીપની ટીકા બાદ ભારત અને માલદીવ્સ વચ્ચે રાજદ્વારી વિવાદ ફાટી નીકળ્યો છે. પીએમ મોદીના લક્ષદ્વીપ પ્રવાસને લઈને માલદીવ કેટલાક મંત્રીઓએ ભારત અને પીએમ મોદી વિરુદ્ધ કરેલી વિવાદાસ્પદ ટીપ્પણીઓનું માલદીવને ભારે નુક્શાન થઈ રહ્યું છે. ભારતે આપત્તિ જતાવ્યા બાદ માલદીવે મોદી વિરુદ્ધ વિવાદાસ્પદ નિવેદન આપનારા ત્રણ મંત્રીઓને સસ્પેન્ડ કરી દીધા છે. તેમ છતાં બંને દેશો વચ્ચેનો વિવાદ અટક્યો નથી. પીએમ મોદીની લક્ષદ્વીપ મુલાકાત બાદ અહીંના ટાપુઓની કિસ્મત જ બદલાઈ ગઈ છે. લક્ષદ્વીપ પ્રશાસનને આવનારા દિવસોમાં આશરે રૂ. ૨૦,૦૦૦ કરોડના રોકાણની આશા રાખે છે, જે તેને માલદીવની સમકક્ષ લાવશે. આ ઉપરાંત પીએમ મોદીનીની મુલાકાત બાદ લક્ષદ્વીપ ગૂગલ પર સૌથી વધુ સર્ચ કરવામાં આવતું ભારતીય સ્થળ બન્યું છે. લક્ષદ્વીપનો ઈતિહાસ પીએમ મોદીએ ઓક્ટોબર ૨૦૧૯માં 'મન કી બાત'માં કહ્યું હતું કે કેવી રીતે ભારતના 'લોહ પુરુષ' સરદાર પટેલે હૈદરાબાદ અને જૂનાગઢ જેવા વિખરાયેલા રાજવાડાંને જ નહીં, પરંતુ લક્ષદ્વીપને પણ પાકિસ્તાનથી બચાવ્યું હતું. જો ભારતના પ્રથમ ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલ ન હોત તો આ ભારતીય ટાપુઓ પાકિસ્તાને જીતી લીધા હોત. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, સરદાર પટેલના યોગદાનથી બ્રિટિશ પછીના ભારતને આકાર આપવામાં મદદ મળી હતી. ૧૯૪૭ના ભાગલા પછી પાકિસ્તાન આ ટાપુઓન સમૂહને કબજે કરવા માંગતું હતું. ત્યારે સરદાર પટેલે કંઈક એવું કર્યું કે લક્ષદ્વીપ પાકિસ્તાનના હાથમાંથી સરકી ગયું. રિપોર્ટમાં જણાવાયું છે કે, ૯૩ ટકા મુસ્લિમ વસ્તી ધરાવતું લક્ષદ્વીપ પર પાકિસ્તાનની સ્થાપના કરનાર મુસ્લિમ લીગના વડા મોહમ્મદ અલી જિન્નાની નજર હતી. હૈદરાબાદ, જૂનાગઢ, કાશ્મીર, ત્રાવણકોર જેવા ભારતીય રાજ્યો પાકિસ્તાનના હિસ્સે જવાના હતા. જોકે, સરદાર વલ્લભભાઈ પટેલના કુશળ નેતૃત્વના કારણે આવું ન થયું, પરંતુ તે દરમિયાન કોચીથી ૪૯૬ કિલોમીટર દૂર આવેલ ટાપુઓ ભાગલાથી દૂર રહી ગયું. જિન્ના ભાગલા પછી આ સુંદર ટાપુઓને કબજે કરવા માંગતા હતા, પરંતુ સરદાર પટેલની તત્પરતાના કારણે લક્ષદ્વીપ ભારતનો ભાગ જ બની રહ્યો. તેમણે દેશના અન્ય નાયકો સાથે મળીને પાકિસ્તાનનો પ્લાન ફેલ કરી દીધો. ઉલ્લેખનીય છે કે, લક્ષદ્વીપ ટાપુઓ દક્ષિણ ભારતના મલબાર કિનારે આવેલા છે. રિપોર્ટ્સ અનુસાર, સરદાર પટેલ લક્ષદ્વીપ ટાપુઓના વ્યૂહાત્મક મહત્વને સમજ્યા અને દક્ષિણ ભારતના અધિકારીઓને આ ટાપુઓ પર સુરક્ષા સૈનિકો સાથે જહાજ મોકલવા વિનંતી કરી હતી.

## દસમી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ : શાનદાર પ્રારંભ અને પરિણામલક્ષી સમાપન



। (માહિતી) ગાંધીનગર ।

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૧૦મી શૃંખલાનો મહત્મા મંદિર, ગાંધીનગર ખાતે સમાપન સમારોહ યોજાયો હતો. દેશ વિદેશના અનેક પ્રમુખો, રાજદ્વારીઓ, ઉદ્યોગકારોની ઉપસ્થિતિમાં યોજાયેલી આ ત્રિદિવસીય સમિટના સમાપન સમારોહમાં સંબોધતાં કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતુ કે, અમૃતકાળની પ્રથમ અને ગુજરાતની દસમી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનું આજે ભૌતિક રીતે સમાપન થયું છે, પરંતુ આ સમિટ સંકલ્પથી સિદ્ધિમાર્ગનું અદભુત સશક્તીકરણ પણ થયું છે. વર્ષ ૨૦૦૩માં પ્રથમ સમિટ યોજાઈ હતી, આજે તેમાં ગુણાત્મક પરિવર્તન આવ્યું છે. એક અર્થમાં જોઈએ તો આ એક યુગ પરિવર્તનની શરૂઆત છે. આજે ઉત્પાદન અને રોકાણ માટે વિશ્વમાં ભારત અને ભારતમાં ગુજરાત પ્રથમ પસંદગી બન્યું છે, એમ તેમણે ઉમેર્યું હતું.શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશનું સુકાન સંભાળ્યું ત્યારે અર્થવ્યવસ્થામાં ભારત ૧૧મા ક્રમે હતું અને આજે ભારત વિશ્વમાં પાંચમા ક્રમે છે. આગામી સમયમાં ભારત ટોપ ૩માં સ્થાન પામશે એ નિશ્ચિત છે. ભારતની અધ્યક્ષતામાં જી -૨૦ યોજાઈ, તેમાં 'વન અર્થ, વન ફેમિલી, વન ફ્યુચર'નો મંત્ર હતો. વસુધૈવ કુટુમ્બકમની ભાવના સાથે ભારત વિશ્વમિત્ર તરીકે ઊભરી રહ્યું છે, એ આપણા સૌ માટે ગૌરવની વાત છે, એમ તેમણે ઉમેર્યું હતું. આજે ૧૨ જાન્યુઆરીએ સ્વામી વિવેકાનંદની જન્મ જયંતીનો ઉલ્લેખ કરતા શ્રી શાહે કહ્યું કે, સ્વામી વિવેકાનંદના સામર્થ્ય અને સંકલ્પને સાકાર કરીને ભારત આજે વિશ્વમાં અનેક નવા આયામો સાથે આત્મવિશ્વાસપૂર્વક ઊભરી રહ્યું છે. વાઈબ્રન્ટ ગુજરાત સમિટ આઈડિયા અને ઈનોવેશનના પ્લેટફોર્મ તરીકે પુરવાર થયું છે, એટલું જ નહીં ગુજરાતે વૈશ્વિક રોકાણોને પરિણામલક્ષી રીતે ધરતી પર ઉતાર્યાં છે. ગુજરાતની આ સફળ સમિટના આયોજનનું દેશનાં અનેક રાજ્યો અનુકરણ કરી રહ્યાં છે. આ પથ પર ચાલતા વિવિધ રાજ્યો અને તેના પગલે દેશ નવા સીમાચિહ્નો સાકાર કરશે તેવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં સંપન્ન થયેલી સમિટને સફળ ગણાવતા શ્રી શાહે કહ્યું કે, આ સમિટના પગલે વિકસિત ભારતનો ગેટ-વે ગુજરાત બન્યું છે. ૪ રાજ્યોના હેડ, ૧૦૦ દેશોના પ્રતિનિધિઓ અને ૧૬ કન્ટ્રી પાર્ટનર્સની સહભાગિતા એ સ્વયં એક સફળ ગાથા છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૭માં ગિફ્ટ સિટીનો મૂકેલો વિચાર આજે વટ વૃક્ષ બન્યો છે, એ જ રીતે ધોલેરા સર (SIR)ની શરૂઆત થઈ ત્યારે ટીકાકારો ટીકા કરતા હતા પરંતુ આજે પરિણામ આપણી સામે છે. માંડલ બેચરાજી આજે ઓટો હબ તરીકે ઉભર્યું છે તો દહેજમાં પેટ્રોકેમિકલ, ભરૂચમાં બલ્ક ડ્રગ પાર્ક, વડોદરામાં બાયો ટેકનોલોજી પાર્કના નિર્માણના પગલે ગુજરાતમાં રોકાણોની સંભાવના વધી છે. શ્રી શાહે કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સ્ટ્રકચરલ રિફોર્મ અપનાવ્યું છે. આ રિફોર્મથી પર્ફોર્મ વધ્યું છે અને તેના પગલે ઈકોનોમીમાં ટ્રાન્સફોર્મેશન આવી રહ્યું છે. વિશ્વના નકશામાં ડાર્ક સ્પોટ ગણાતું રાજ્ય આજે વાઈબ્રન્ટ સ્પોટ તરીકે ઓળખાવા લાગ્યું છે.

સદગુરુ કૃપા હી કેવલમ । શીર્ષક માનસ મસાન

# સ્મશાનમાં કામ, ક્રોધ, લોભ, મદ, મોહ, મત્સર, એ ષડવિકાર નહીં પણ રામ હોય છે



**સદગુરુ વચનામૃત**

સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

મિત્રો- શુભ સવાર
હે ઈશ્વર.

છઠ્ઠા દિવસની માનસ મસાનની કથામાં પ્રવેશ કરતાં કહ્યું કે રામ લક્ષ્મણ જાનકી વન જવા તૈયાર થઈને ઊભા છે, અને અવધવાસીઓ પ્રેમવશ એમની સાથે જવા તૈયાર થાય છે, ભગવાન આગ્રહ કરીને સૌને પાછા ફરવા કહે છે, પણ એમને અયોધ્યા મસાન જેવું લાગે છે અને એ વાત ગોસ્વામી તુલસીદાસજી આ પંક્તિઓમાં લખે છે.

લાગતિ અવધ ભયાવનિ ભારી,
માનહું કાલરાતિ અંધિયારી.

શરણાઈ વાદક ને શાબાશી આપતા કહ્યું કે બહુ સુંદર ગાવ છો આપ બધા જ ગાવ ! મણિકર્ણિકા ઘાટ પર મુક્તિ ની ઈચ્છાથી સૂતેલાના કાનમાં આ ચોપાઈ જાય! જીવતા લોકો માટે વર્ષોથી ગાવામાં આવે છે,પણ આજે આ મડદાંને સંભળાવવા આવ્યો છું, આપણે પણ એક દિવસ જવાનું જ છે! એટલે મડદાં મડદાંને કથા સંભળાવે છે, આ મારી નવ દિવસીય કથા મડદાં માટે છે. થોડું અઘરું પડશે પણ મડદું બોલે છે, અને મડદાં સાંભળે છે, એને પણ જીભ કાન છે. આમ જુવો તો મડદાં ને કેટલાક દિવસ ચેતના હોય છે! આ વિધાતાની અનંત કાલ ગણનામાં મનુષ્ય આયુષ્ય જે સો વર્ષ ગણવામાં આવ્યું છે એ માત્ર થોડી ક્ષણો જ છે. રાજેશ રેડ્ડીનો શેર કોટ કર્યો.

આયા મોડ કહાની મેં,
મછલી ડૂબી પાની મેં.

મડદા માટે આ નવોદોર છે, મડદા સાંભળી રહ્યા છે જિંદગીભર બળ્યા એને આ સંભળાવવું જોઈએ કાશીમાં સબ બળી જાય એ શીવ થઈ ગયા એવું કહેવાય છે તો પોતાના આત્માથી મહાદેવ સાથે વિવાહ કરવા જઈ રહ્યા છે એટલે શરણાઈઓ વાગી રહી છે. ગઈકાલ સુધી અયોધ્યા વાસીઓને પોતાનું ઘર સ્વર્ગ જેવું લાગતું હતું, કારણ કે અહીં રામરાજ્ય વિશેની વધાઈઓ ગવાતી હતી, જ્યારે સવારે રામ લક્ષ્મણ જાનકી વનમાં જવા માટે વિદાય થયા, અને પાછા ફરતા અવધવાસીઓને ઘર સ્મશાન જેવું કેમ લાગી રહ્યું છે? દરેક રીતે દરેક ઓરડા સાધન સંપન્ન હોવા છતાં જ્યાં સ્વભાવની ભયાનકતા હોય એ ઘર સ્મશાન છે.

કોઈએ ચિઠ્ઠી આપી કે અમને રામચરિત માનસ જ સત્ય પ્રેમ અને કરુણા લાગે છે, એ બિલકુલ સત્ય છે. માનસ સત્ય છે, માનસ પ્રેમ છે, અને માનસ કરુણા છે. રામ સત્ય છે, એનું ચરિત્ર પ્રેમ છે, અને એમનું માનસ કરુણા છે. કોઈએ ગોસાઈજીને પુછ્યુ કે જ્ઞાન અને પ્રેમની પરિભાષા શું છે? ગોસાઈજી કહે છે કે સમતાની અતિશયોક્તિનું નામ જ્ઞાન છે અને મમતાની અતિશયોક્તિને પ્રેમ કહે છે. અલબત્ત નાની નાની મમતા નહીં એટલે કે રૂપિયામાં મમતા નહીં અનંત મમતા એને પ્રેમ કહ્યો છે જ્ઞાનમાં સમ બ્રહ્મ! અને ભક્તિમાં શું હોય છે?:મમ બ્રહ્મ! મારો ગોપાલ, મારો કનૈયો, મારો રામ, આ પ્રેમ છે. જ્યારે જ્ઞાનમાં તારો અને મારો બ્રહ્મ સમાન!

કાલે આપણે ત્રણ પ્રકારના ભયની વાત કરી રહ્યા હતાં, પણ એમાં એક જ ભયની વાત કરી, બે રહી ગયા.(૧) વિયોગનો ભય! જે મને મળ્યું છે એ છૂટી જશે એ પ્રકારનો ભય, સ્મશાનની કથા સાંભળવાથી ભય છૂટી જશે, દેહ પણ છોડવો પડશે એવું આશ્વાસન રહે. (૨) હાનિનો ભય, કોઈની સાથે સંબંધ રાખવાથી મને હાનિ થઈ જાય તો! અથવા તો હું આ ધંધો કરું તો એમાં હાનિ થાય! દુકાન કરું તો નુકસાન થઈ જાય.( ૩) અપમાનનો ભય, મોટા મોટા સાધકોને પણ આ ભય રહે છે, પંડિતોને પણ ભય રહે, શાસ્ત્રાર્થમાં કોઈ હરાવી દેશે તો. આ ત્રણેય ભયથી જે મુક્ત થાય છે, એને સાધુ કહે છે. સાધુને વિયોગનો ભય નથી! ગોવિંદ મારાથી દુર નથી. સાધુ ન થવાય તો કંઈ નહીં, સાધુ સંગ કરીએ તો પણ ભય દૂર થાય છે. પરમાત્મા પાસે કંઈ ન માંગુ પરંતુ જો માંગવું જ હોય તો કેવળ સાધુ સંઘ માંગો!

તુલ્યનિંદા સ્તુતિર્મૌની સંતુષ્ટો યેન કેનચિત્,
અનિકેત સ્થિરમતિ ભક્તિમાન્મે પ્રિયોનર.

સ્મશાનમાં કેટલી વસ્તુઓ હોય છે? એક તો સ્મશાનમાં ચિતા હોય છે, પણ ચિતા હોય પણ અગ્નિ ન હોય તો! અગ્નિ પણ હોય પણ લાકડા ન હોય તો! સ્મશાનમાં ચિતા જોઈએ કાષ્ટ જોઈએ, અને અગ્નિ પણ જોઈએ. ઘર સ્મશાન જેવું લાગે છે તો, ઘરમાં ચિતા નથી પણ ચિંતાઓ છે, જીવને ચારે બાજુથી ઘેરીને જલાવી રહી છે. સ્મશાનમાં કાષ્ટની જરૂર છે, આપણા ઘરમાં પીડાઓ રૂપે કાષ્ટ છે, સાંધા દુખે, કમર દુખે, માથું દુખે, એ બધા બાહ્ય કાષ્ટ છે. સ્મશાનમાં આગ છે, પરિવારમાં કોઈ મરી ગયુંને આગ લાગી ગઈ, અથવા તો ભક્ત ભજન કરે છે તો એને પ્રભુના વિરહનો અગ્નિ દજાડે છે, કોઈને જાગૃતિ આવી ગઈ તો જ્ઞાનાગ્નિ લાગી ગયો.

કાશીના મણિકર્ણિકા ઘાટ પર કે કોઈપણ સ્મશાનમાં માત્ર મડદાઓને બાળવામાં આવે છે. મડદાઓમાં છ વસ્તુઓ નથી હોતી, માટે એને બળવાનો કે બાળવાનો અધિકાર છે.(૧) મડદામાં કામ નથી, એટલે ભોગની કામના નથી. (૨) ક્રોધ નથી, મડદાં માં (૩)લોભ નથી હોતો, (૪) મદ નથી હોતો! એટલે કે અહંકાર નથી હોતો. (૫) મોહ નથી હોતો, (૬) મત્સર નથી હોતો.

જીવતા માણસમાં આ બધું જ હોય છે, અને આ જગ્યા ખાલી થઈ જાય છે તો એમાં બીજું શું હોય છે? કંઈક તો હોય જ ને! સ્મશાનમાં કામ નથી, રામ હોય છે. રામ નામ સત્ય હૈ! રામ નામ સત્ય હૈ! એમ લોકો રામ ગુણ ગાય છે, એટલે સ્મશાનમાં કામ નહીં રામ છે, ત્યાં ક્રોધ નથી બોધ છે. ત્યાં લોભ નથી ક્ષોભ છે. સ્મશાનમાં મદ નથી પણ વિષ્ણુ પદ હોય છે. સ્મશાનમાં મોહ નથી પણ એકબીજા પ્રત્યે નેહ જન્મવા લાગે છે. વેરી વેર ભૂલી સંવેદનામાં સહભાગી થાય છે. મત્સર નથી હોતો પણ ઈશ્વર હોય છે, શિવ ઈશ્વર છે. તો મડદાં આ ષડ વિકારથી પર હોય છે, અને હું એમાં સાતમું ઉમેરું છું, કે સ્મશાનમાં શ્રમ નથી હોતો, વિશ્રામ હોય છે માણસ એકવાર સ્મશાનમાં પહોંચી જાય, પછી એને ખેતી કરવી પડે છે? ઓફિસમાં હાજરી પુરાવી પડે છે? કંઈ જ નથી હોતું બસ વિશ્રામ.

આપણે માનસને પણ સ્મશાન કહ્યું છે, તો એના સાતેય કાંડમાં આ સાતેય વસ્તુ નથી, જે સ્મશાનમાં નથી હોતી. બાલકાંડમાં કામ બહુ ઉગ્ર રૂપે પ્રગટ થાય છે, પરંતુ માનસ સ્મશાન રુપે શંકર તેને બાળીને ભસ્મ કરી દીધો છે. નારદ મુનિએ ક્રોધને બાળ્યો ન હતો હરાવ્યો હતો એટલે વિશ્વ મોહિની રૂપે હારેલો કામદેવ નારદ પર ફરી આક્રમણ કરે છે, અને તે વિશ્વ મોહિની પર મોહિત થાય છે. અયોધ્યા કાંડમાં ક્રોધ નથી એમ કહું તો સૌને આશ્ચર્ય થાય કે તો પછી કોપ ભુવન શું કામ બનાવ્યું? કઈ કઈ તો ક્રોધ છે અથવા તો ડ્રેસ છે જેને કારણે રામ વનવાસ થઈ ગયો. પરંતુ અયોધ્યામાં ક્રોધ કરતાં વધુ બોધ છે, કે મંથરા જેવા હલકા લોકોનો સંગ ક્યારેય ન કરવો, કારણ કૈકેયી જેવી મહિલા કે જે ભરત જેવા સંતને જન્મ આપે છે છતાં કુસંગ થયો તો એની બુદ્ધિ પણ ભ્રમિત થઈ ગઈ. સાધુ ન મળે તો સદગ્રંથ નો સંગ કરવો એવો બોધ અયોધ્યાકાંડ આપે છે.

અરણ્યકાંડમાં લોભ નથી ત્યાં બધા મુનિઓના ત્યાગીઓનો એટલે કે મહાપુરુષોનો કાંડ છે. ત્યાં કોઈ લોભ નથી, અરે જટાયુ ને તો શરીરનો પણ લોભ નથી, શરભંગને પણ શરીરનો લોભ નથી, બધા જ બલિદાન આપી રહ્યા છે.

કિષ્કિંધા કાંડમાં મદ નથી, મોહી જાની અતિ અભિમાન બસ પ્રભુ કહેઉ રાખું સરીરહી, અસ કવન સઠ હઠિ કાઠી સુરતરુ બારી કરિહિ બબુરહી.

વાલી કહે છે પ્રભુ મારામાં અભિમાન હતું, પરંતુ હવે અનુરાગ જન્મે છે, અને અભિમાન છૂટી ગયું. ત્યાં વાલી નો કોઈ મદ નથી, પદનો પણ મદ નથી, એણે એમ પણ નથી કહ્યું કે રામજી આપે મને તો માર્યો, પરંતુ ગાદીનો અધિકાર મારા પુત્રનો છે.

સુંદરકાંડમાં મોહ નથી, મોહ નો પ્રસંગ આવે તો છે. સંઘ નારી બહુ કિયે બનાવા, સુંદરકાંડમાં રાવણ જાનકી પાસે આવે છે તુલસીદાસજી રાવણને મોહ કહે છે પણ એ જાનકીને પ્રભાવિત કરી શકતા નથી એટલે આખરે મોહ રહ્યો નહીં સુંદરકાંડ નું ફળ મોહ ને નષ્ટ કરવાનું છે.

લંકા કાંડમાં રાવણનો મત્સર રહ્યો નહીં, એટલે તો મંદોદરી કહે છે કે આપના શરીરના ટુકડે ટુકડા અહીં પડ્યા છે. આખી જિંદગી આપ આવા તામસી મદ માં ડૂબેલા રહ્યા, આજે પ્રભુના તેજમાં સમાઈ ગયાં, તો લંકા કાંડમાં મત્સર પણ રહ્યો નથી. તો ષડ વિકારના રૂપમાં માનસ સ્મશાનમાં આ છ તત્વ નથી. તલગાજરડાએ સાતમુ તત્વ ઉમેર્યું છે કે સ્મશાનમાં શરમ નથી ત્યાં કોઈ જ મજૂરી કરવાની નથી, આને ઉત્તરકાંડમાં તુલસી કહે છે, પાયો પરમ વિશ્રામ રામ સમાન પ્રભુ નાહિ કહૂં.

કથાના ક્રમમાં દશરથ નંદન ચારેય કુમારોના નામકરણ કરે છે કૌશલ્યાના પુત્રનું નામ કે જે આનંદનો સમુદ્ર છે, સુખનો રાશિ છે, સૌને આરામ વિરામ અને વિશ્રામ આપનાર છે, એનું નામ રામ. કૈકેયી ના પુત્રનું નામ, કે જેનો રામ જેવો વર્ણ છે રામ જેવો સ્વભાવ છે એ બાળક કોઈનું શોષણ નહીં કરે બધાનું પોષણ કરશે, એનું નામ ભરત. સુમિત્રાના પુત્રનું નામ જેના નામથી શત્રુ બુદ્ધિનો નાશ થશે એ બાળકનું નામ હું શત્રુઘ્ન રાખું છું. બીજું બાળક જે બધા જ લક્ષણોનો ભંડાર છે રામનું અત્યંત પ્રિય પાત્ર થશે એ ઉદાહરણ વ્યક્તિત્વનું નામ ગુરુ વશિષ્ઠ એ લક્ષ્મણ રાખ્યું. આ નામ કરણ નો તાત્વિક બોધ એ છે કે રામ મહામંત્ર છે અને રામ નામનો જપ કરે કીર્તન કરે એને માટે એના ત્રણેય ભાઈઓના નામનો જે સ્વાભાવિક ગુણ છે એ આત્મસાત કરવો જોઈએ. આમ કહી છઠ્ઠા દિવસની કથાને વિરામ આપ્યો.

# જે ધર્મમાં બિલકુલ કપટ નથી એ નિષ્કપટ ધર્મ એ ભાગવતનો મુખ્ય વિષય છે, મનુષ્ય સત્કર્મનું ફળ ઇચ્છે તો એ ધર્મમાં કપટ છે



**વિશેષ**

યશપાલસિંહ ટી. વાઘેલા

સૌને જય માતાજી.. સુપ્રભાત..

ગઈકાલે દેશભરમાં યુવા પેઢીના આદર્શ સ્વામી વિવેકાનંદજીની ૧૬૧મી જન્મ જયંતીની ઉજવણી ધામધૂમથી કરવામાં આવી. અયોધ્યામાં રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની તૈયારી ચાલે છે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનનું રસ પાન કરી રહયા છીએ.

ગીતાજીમાં ભગવાન કહે છે કે, દુ:ખમાં જેને ઉદ્વેગ નથી અને સુખ માં જેને સ્પૃહા નથી એ સ્થિત પ્રજ્ઞ શ્રીકૃષ્ણ જેવું બોલે છે તેવું જીવન માં આચરી પણ બતાવે છે. રામચંદ્રજીને રાજ્યાભિષેક વખતે અને વનવાસ વખતે એકસરખો જ આનંદ છે.શ્રીકૃષ્ણને સોળ હજાર રાણીઓ અને સોનાની દ્વારિકા, ત્યારે પણ આનંદ અને એ સર્વનો વિનાશ ત્યારે પણ આનંદ.

શ્રીકૃષ્ણ ઉદ્ધવને કહે છે કે, ઉદ્ધવ, આ બધું ખોટું છે.હું જ એક સાચો છું. જગત અસત્ય છે, પરમાત્મા સત્ય છે. ભૂત, ભવિષ્ય અને વર્તમાનમાં જે એક સ્વરૂપે રહે તે સત્ય. તેથી વ્યાસજી કહે છે કે,સત્યનું અમે ધ્યાન કરીએ છીએ તેથી સુખી થવું હોય તો સત્ય પરમાત્મા સાથે પ્રેમ કરો. જગત અસત્ય છે. જગતના પદાર્થો દુ:ખરૂપ છે. વ્યવહારમાં જગત સત્ય જેવું ભાસે છે,પણ તત્ત્વ દષ્ટિથી જગત સત્ય નથી. તે જ્ઞાની પુરુષો જગત અનિત્ય છે, અસત્ય છે, માયા છે,માત્ર ભાસ છે,તેમ વારંવાર ચિંતન કરે છે. સ્વપ્નમાંથી જાગ્યા પછી સ્વપ્ન જેમ મિથ્યા લાગે છે,તેમ ભગવાનના સાક્ષાત્કારથી જગત મિથ્યા લાગે છે. ઈશ્વર સદા-સર્વદા એક સ્વરૂપ છે. એને કામ, ક્રોધ, લોભ વગેરેની અસર થતી નથી.એ પોતે આનંદ રૂપ છે.રૂપિયો ખોટો હોય તો તેના ઉપર મોહ થતો નથી તેમ આ ખોટા, અસત્ય જગત ઉપર મોહ ન કરવો. મિલનમાં સુખ થાય છે, પણ વિયોગમાં અતિશય દુ:ખ થાય છે. માટે વિયોગ અવશ્ય છે એમ સમજી જગતના જીવો ઉપર પ્રેમ ન કરો.અંધારામાં પડેલું દોરડું સર્પરૂપે ભાસે છે,પરંતુ પ્રકાશ આવતાં જ્ઞાન થતાં તેના યથાર્થ સ્વરૂપનું જ્ઞાન થાય છે. તેમ આ સંસાર અસત્ય હોવા છતાં માનવી ને અજ્ઞાનને કારણે તે સત્ય હોય એમ ભાસે છે. આ દશ્ય જગત અસત્ય છે, ભ્રમ રૂપ છે, ખોટું છે. તેમ છતાં સત્યરૂપ પરમેશ્વરના આધારે તે રહેલું હોવા થી તે સત્ય જેવું ભાસે છે.

રાજાએ ખોટા મોતીનો હાર પહેર્યો હોય,તો પણ તેની પ્રતિષ્ઠાને કારણે લોકો માનશે કે રાજાએ સાચાં મોતીનો હાર પહેર્યો છે. ગરીબ માણસે સાચાં મોતીનો હાર પહેર્યો હોય, તો પણ તેની ગરીબી ને કારણે લોકો એમ માનશે કે,તેણે ખોટાં મોતીનો હાર પહેરેલો છે. તે પ્રમાણે જગતરૂપી બનાવટી મોતી ની કંઠી પરમાત્માએ પોતાના ડોક માં રાખી છે. માટે જગતમાં રહેજો પણ જગતને ખોટું માનીને રહેજો. ભાગવતનો મુખ્ય વિષય કયો?અને ભાગવત નો અધિકારી કોણ?

જે ધર્મમાં બિલકુલ કપટ નથી એ નિષ્કપટ ધર્મ એ ભાગવતનો મુખ્ય વિષય છે. મનુષ્ય સત્કર્મનું ફળ ઈચ્છે તો એ ધર્મમાં કપટ છે. નિષ્કામ કર્મમાં દોષ ક્ષમ્ય છે. સકામ કર્મમાં દોષ ક્ષમ્ય નથી. નિષ્કામ કર્મમાં ભૂલ ક્ષમ્ય છે, પરંતુ સકામ કર્મમાં ભૂલ થાય તે ક્ષમ્ય નથી.નારદજીએ વાલ્મીકિ ને રામના મંત્રનો જપ કરવાનું કહ્યું. વાલ્મીકિ ભૂલથી રામને બદલે મરા મરા જપવા લાગ્યા.મરા મરા કહેવાથી પણ આ મંત્રનું ફળ તેઓને મળ્યું. કારણ? તેમાં નિષ્કામ કર્મ છે.

અતિ પાપીના મુખમાંથી ભગવાન નું નામ જલ્દી નીકળતું નથી. ભગવાન અંદર આવે તો પાપને બહાર નીકળવું પડે, એટલે પાપ ભગવાનનું નામ લેવા દેતું નથી. સેવાનું ફળ એવા છે, મેવા નહીં. માટે મુક્તિ પણ આશા કરવી નહીં. આમ ભગવાનનો મુખ્ય વિષય છે નિષ્કામ ભક્તિ. ભોગ ભોગવવાની ઈચ્છા છે ત્યાં ભક્તિ રહેતી નથી. ભોગ માટે ભક્તિ કરે તેને ભગવાન વહાલા નથી, સંસાર વહાલો છે. ભોગ માટે ભક્તિ નહીં ભગવાનને માટે ભક્તિ કરો. ભક્તિનું ફળ ભોગ નથી, ભગવાન છે.ઠાકોરજી મારું કામ કરે એવો વિચાર કરે તેને વૈષ્ણવ કેમ કહેવાય?

ભગવાન પાસે કોઈ પુત્ર માગે છે. કોઈ ધન માગે છે. ભગવાન કહે છે, પોતાનું કામ મારા મારફત. વાહ! આ તો એમનું કામ મારી પાસે કરાવવા માગે છે.સાચો વૈષ્ણવ તો કહેશે, મારી આંખ, મારી બુદ્ધિ, મારું મન, મારું બધું હું આપને સમર્પણ કરવા આવ્યો છું. વૈષ્ણવો પ્રભુ પાસે મુક્તિ પણ માગતા નથી. મને દર્શન આપો એમ પણ કહેતા નથી. માગવાથી પ્રેમનો ભંગ થાય છે. પ્રેમ ઓછો થાય છે. માટે ભગવાન પાસે કંઈ માગશો નહીં. શ્રીરામચંદ્રજીનો રાજ્યાભિષેક થયા પછી તેઓ દરેક વાનરને ભેટ-સોગાદ આપી નવાજેશ કરે છે,પરંતુ હનુમાનજી ને તેઓ કાંઈ આપતા નથી. આ જોઈ સીતાજી કહે,આ હનુમાન જીને પણ કાંઈ આપોને. રામજી કહે, હનુમાનજીને હું શું આપું? હનુમાનજીના ઉપકારનો બદલો મારાથી વાળી શકાય તેમ નથી. શુદ્ધ પ્રેમમાં લેવાની નહીં, આપવાની ભાવના થાય છે. મોહ ભોગ માગે છે, જ્યારે પ્રેમ ભોગ આપે છે. પ્રેમમાં માગણી ન હોય. પ્રેમમાં માગણી આવી એટલે સાચો પ્રેમ ગયો સમજવો. ભક્તિમાં માગો તે માગેલી વસ્તુ મળશે ખરી, પણ ભગવાન જશે, આપવાવાળો જશે. ભગવાન ગીતામાં કહે છે કે, દેવના ભક્તો દેવની પૂજા કરે છે. તેઓ પણ તેનું ફળ પામે છે ને મારા ભક્તો મને પામે છે.ભગવાન પાસે જેટલું માગશો તેટલું તે આપશે પણ પ્રભુ પાસે માગશો, તો પ્રેમ ઓછો થશે. વ્યવહારમાં પણ એક મિત્ર બીજા પાસે ન માગે ત્યાં સુધી બે વચ્ચે પ્રેમ રહે છે. ગોપીઓ આંખ શ્રી કૃષ્ણને આપે છે,મન શ્રીકૃષ્ણને આપે છ. કહે છે મારે કાંઈ માગવું નથી. મારું સર્વસ્વ મારે શ્રીકૃષ્ણને આપ વું છે. એમ માનો પ્રભુએ મને ઘણું આપ્યું છે. ઠાકોરજીએ ઓછું આપ્યું હોય તો માનવું કે મારા ઠાકોરજી પરિપૂર્ણ છે,પણ મારી લાયકાત નથી એટલે ઓછું આપ્યું છે.

નિષ્કામ ભક્તિ ઉત્તમ છે. વૈષ્ણવો મુક્તિની પણ અપેક્ષા કરતા નથી. હરિના જન તો મુક્તિ ન માગે, જનમોજનમ અવતાર રે. મુક્તિ કરતા ભક્તિમાં અલૌકિક આનંદ છે. ભક્તિમાં જેને આનંદ મળે છે તેને મુક્તિનો આનંદ તુચ્છ લાગે છે. વૈષ્ણવો માને છે, મુક્તિ એ તો મારા ભગવાનની દાસી છે, મારે દાસીનું કામ નથી, ભગવાનનું કામ છે. દાસી કરતાં મારા ભગવાન વધારે છે.રામકૃષ્ણ પરમહંસને કેન્સર થયેલું. શિષ્યા કહે છે કે, માતાજીને કહો. તારો રોગ સારો કરે. રામકૃષ્ણે કહ્યું, મારી માતાને હું મારા માટે તકલીફ નહીં આપું. ભક્તિનો અર્થ એવો નથી કે પોતાના સુખ માટે ઠાકોરજીને પરિશ્રમ આપવો.

માગવાથી સાચી મૈત્રીનું ગૌરવ ટકતું નથી. સાચી મૈત્રી સમજનાર કદી માગતો નથી.

સુદામાની ભગવાન પ્રત્યેની મૈત્રી જુઓ. સુદામાની સ્થિતિ ગરીબ હતી.તેમની પત્નીએ તેમને શ્રી કૃષ્ણને ત્યાં માગવા મોકલ્યા. સુદામા ભગવાને મળવા આવ્યા છે.સુદામા માગવા આવ્યા નથી. દ્વારરિકાનાથનો તેમણે વૈભવ જોયો, પણ સુદામાએ જીભ કચડી નથી. સુદામાને લાગ્યું કે,મારા દુ:ખની કથા સંભળાવીશ, તો મારા પ્રભુને દુ:ખ થશે. મારાં દુ:ખ એ મારાં કર્મનું ફળ છે.

મારાં દુ:ખ માટે પ્રભુને શા સારું દુ:ખ કરું? એટલે સુદામાએ ભગવાન પાસે કાંઈ માગ્યું નથી.

સુદામાને બસ એક જ ઈચ્છા છે. મારા પૌંવા ભગવાન આરોગે. સુદામા લેવા આવ્યા નથી, તે પોતાનું સર્વસ્વ આપવા આવ્યા છે. ઈશ્વર પહેલાં તમારું સર્વસ્વ લેશે તે પછી પોતાનું સર્વસ્વ આપશે અને જે ઈશ્વરને સર્વસ્વ આપશે તેને ઈશ્વરનું સર્વસ્વ મળશે. જીવ નિષ્કામ બને છે ત્યારે ભગવાન તેની પૂજા કરે છે. ભક્તિ નિષ્કામ હોય તો ભગવાન પોતાના સ્વરૂપનું ભક્તને દાન કરે છે. જીવ જ્યારે જીવપણું છોડી ઈશ્વરના દ્વારે જાય છે, ત્યારે ઈશ્વર પણ ઈશ્વરપણું ભૂલે છે. દસ દિવસના ભૂખ્યા હતા, તો પણ સુદામાએ પોતાનું સર્વસ્વ ભગવાન ને આપી દીધું.સુદામાના પૌંવા ભલે મુઠી જેટલા હશે પણ સુદામાનું તે સર્વસ્વ હતું.પૌંવાની કિંમત ન હતી સુદામાના પ્રેમની કિંમત હતી. ગોપીઓએ કાંઈ માગ્યું નથી. ગોપીઓની ભક્તિ નિષ્કામ હતી, એટલે ભગવાન ગોપીઓના ઋણ માં રહ્યા છે. ગોપી ગીતમાં પણ ગોપીઓ ભગવાનને કહે છે કે, અમે તમારી વગર વેતનની દાસીઓ છીએ. અમે માત્ર તમારી નિષ્કામ સેવા કરી જાણીએ.

કુરુક્ષેત્રમાં શ્રીકૃષ્ણ તેમજ ગોપી ઓ મળે છે, ત્યારે પણ ગોપીઓ શ્રીકૃષ્ણ પાસે કાંઈ માગતી નથી, ફક્ત એટલું જ કહે છે કે,સંસારના કૂવામાં પડેલા તમારા ચરણનો આશરો લે તો તરી જાય છે તેમ અમે ઘરમાં રહીએ તોયે અમારા મનમાં તમારા ચરણનું સ્મરણ રહો.એક ગોપી ઉદ્ધવજીને કહે છે,ઉદ્ધવ તું કોનો સંદેશો લઈને આવ્યો છે?શ્રીકૃષ્ણનો ?તે તો અહીં જ છે! શ્રીકૃષ્ણ મથુરા ગયા જ નથી.મારા ઠાકોર જી હંમેશાં મારી સાથે છે.ચોવીસ કલાક અમારો અને તેનો નિત્ય સંયોગ છે.

# ODIમાં સૌથી વધુ વિકેટ લેનાર ભારતીય બોલરો

। (એજન્સી) મોહાલી, તા.૧૨ ।

ભારતીય ૧૧ બોલરોએ છ વિકેટ લીધી છે જેમાં એક મેચમાં એક ઈનિંગમાં માત્ર એક જ ભારતીય બોલરે સાત વિકેટ ઝડપી છે, જ્યારે કુલ ૧૧ બોલરોએ છ વિકેટ લીધી છે. પાંચ વિકેટ અનેક ભારતીય બોલરોએ એક વનડે મેચમાં ઝડપી છે. એક વનડેમાં સૌથી વધુ વિકેટ લેવાનો અને બેસ્ટ બોલિંગ ફિગરનો રેકોર્ડ વર્તમાન સમયના બેસ્ટ ફાસ્ટ બોલર મોહમ્મદ શમીના નામે છે. શમીએ વર્લ્ડ કપ ૨૦૨૩માં ન્યુઝીલેન્ડ સામે ૫૭ રન આપી ૭ વિકેટ ઝડપી હતી. આ કોઈ પણ ભારતીય બોલરનું વનડેમાં બેસ્ટ પ્રદર્શન છે.

ભારતીય બોલરનું બીજું સૌથી બેસ્ટ પ્રદર્શન ૬/૪ છે. ફસ્ટ બોલર સ્ટુઅર્ટ બિન્નીએ બાંગ્લાદેશ સામે આ કમાલ બોલિંગ ફિગર મેળવી હતી. તેણે માત્ર ૪ રન આપીને ૬ વિકેટ ઝડપી હતી. ત્રીજું સૌથી સારું બોલિંગ પ્રદર્શન અનિલ કુંબલેના નામે છે. કુંબલેએ વેસ્ટ ઈન્ડિઝ સામે ૧૨ રન આપીને ૬ વિકેટ ઝડપી હતી. જસપ્રીત બુમરાહની ઈંગ્લેન્ડ સામે ઓવલમાં ૧૯ રન આપીને લીધેલ ૬ વિકેટ આ લિસ્ટમાં ચોથા ક્રમે છે.

### ભારતે પ્રથમ ટીર૦માં અફઘાનિસ્તાનને હરાવ્યું હતું

# ૧૦૦ ટીર૦ જીતનારી ટીમનો હિસ્સો બનનારો રોહિત શર્મા પ્રથમ ખેલાડી

। (એજન્સી) મોહાલી, તા.૧૨ ।

ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે ગુરુવારે ત્રણ મેચની સીરિઝનો પ્રથમ ટીર૦ મેચ મોહાલીમાં રમાયો હતો જેમાં ભારતનો છ વિકેટથી વિજય થયો હતો. આ મેચમાં ૧૪ મહિના બાદ ભારતીય ટીર૦ ટીમમાં વાપસી કરનાર કેપ્ટન રોહિત શર્મા ખાતું પણ ખોલાવી શક્યો ન હતો અને તે ઈનિંગની બીજા જ બોલ પર રન આઉટ થયો હતો. આ સાથે રોહિતે એક દુર્લભ રેકોર્ડ પણ પોતાના નામે કરી લીધો હતો.



મોહાલી રામાયેલી સીરિઝની પ્રથમ ટીર૦ મેચમાં રેહિત શૂન્ય રન પર આઉટ થયો હતો, જે આંતરરાષ્ટ્રીય ટીર૦માં ૧૧મી વખ્ત બન્યું છે જ્યારે હિટમેન ખાતું ખોલાવ્યા વગર જ આઉટ થયો હોય. આ ફોર્મેટમાં કોઈપણ ભારતીય દ્વારા સૌથી વધુ શૂન્ય પર આઉટ થવાનો રોહિતે આ ન ગમતો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. તેણે આ અનિચ્છિનીય રેકોર્ડ ૧૪૧ ઈનિંગમાં બનાવ્યો છે. આ યાદિમાં કે.એલ રાહુલ છે જે ૬૮ ઈનિંગમાં પાંચ વખત શૂન્ય પર આઉટ થયો છે. રોહિત પ્રથમ ટીર૦ મેચમાં ભલે શૂન્ય રન પર આઉટ થયો હતો પણ તેણે એક પ્લેયર તરીકે જીતની સદી ફટકારી છે.

રોહિત શર્મા મેન્સ ટીર૦ ક્રિકેટમાં ૧૦૦ જીતેલી મેચનો હિસ્સો રહેનાર ઈતિહાસનો સૌપ્રથમ ખેલાડી બની ગયો છે. આ તેની ૧૪૯મી મેચ હતી. આ યાદિમાં બીજા સ્થાન પર પાકિસ્તાનનો શોએબ મલિક છે જેણે ૮૬ મેચ જીતી છે. રોહિતની કેપ્ટનશીપ હેઠળ ભારતીય ટીમ ૪૬ મેચ હારી છે, જ્યારે એક મેચ ટાઈ રહી હતી અને બે મેચનું કોઈ પરિણામ આવ્યું ન હતું. હિટમેને ટીર૦માં ૩૮૫૩ રન બનાવ્યા છે અને તેણે ચાર સદી પણ ફટકારી છે.

### કોરોનાએ ફરી એકવખત ક્રિકેટમાં દસ્તક આપી

# ન્યૂઝીલેન્ડનો સ્ટાર ઓલરાઉન્ડર મિશેલ સેન્ટનર કોરોનાથી સંક્રમિત

।(એજન્સી) ક્વિન્સલેન્ડ, તા.૧૨।

સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવનાર કોરોના વાયરસે ફરી એકવાર ક્રિકેટમાં દસ્તક આપી છે.હા, ૨૦૨૦માં લાંબા સમય સુધી ક્રિકેટને રોકનાર કોરોનાએ ફરી એકવાર ક્રિકેટ પર હુમલો કર્યો છે. પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ વચ્ચે ટીર૦ સિરીઝ શરૂ થઈ રહી છે. શુક્રવારે એટલે આજે પ્રથમ મેચ રમાઈ રહી છે અને તે પહેલા ન્યુઝીલેન્ડના ખેલાડી મિશેલ સેન્ટનરને કોરોનાનો ચેપ લાગ્યો છે.

મળતી માહિતી પ્રમાણે ન્યૂઝીલેન્ડનો સ્ટાર ઓલરાઉન્ડર મિશેલ સેન્ટનર કોરોના સંક્રમિત થઈ ગયો છે અને તેના કારણે તે પાકિસ્તાન સામેની પ્રથમ ટીર૦ રમી શક્યો નથી. મહત્વનુ છેકે, ફાસ્ટ બોલર અબ્બાસ આફ્રિદી અને લેગ સ્પિનર ઉસામા મીરે પાકિસ્તાન માટે ડેબ્યુ કર્યું છે.

ન્યુઝીલેન્ડની પ્લેઈંગ ઈલેવન- ફિન એલન, ડેવોન કોનવે (વિકેટકીપર), કેન વિલિયમસન (કેપ્ટન), ડેરીલ મિશેલ, ગ્લેન ફિલિપ્સ, માર્ક ચેપમેન, એડમ મિલ્ને, મૈટ હેનરી, ટિમ સાઉદી, ઈશ સોઢી, બેન સીયર્સ.

પાકિસ્તાનની પ્લેઈંગ ઈલેવન - મોહમ્મદ રિઝવાન, સઈમ અયુબ, બાબર આઝમ, ફખર જમાન, ઈફ્તિખાર અહેમદ, આઝમ ખાન (વિકેટકીપર), આમેર જમાલ, ઉસામા મીર, શાહીન આફ્રિદી (કેપ્ટન), અબ્બાસ આફ્રિદી અને હરિસ રઉફ.

# ૧૨ જાન્યુઆરીએ ખેલાડીએ મેચની પ્રથમ ઈનિંગમાં સતત ૨૧ મેડન ઓવર ફેંકી સર્જ્યો ઈતિહાસ

।(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨।

બાપુ નાડકર્ણીએ ૫૯ વર્ષ પહેલા આજના જ દિવસે (૧૨ જાન્યુઆરી) રેકોર્ડ બોલિંગ કરી હતી. ૧૯૬૪માં તેમણે ઈંગ્લેન્ડ સામે મદ્રાસમાં (હવે ચેન્નાઈ) રમાયેલી ટેસ્ટ મેચની પ્રથમ ઈનિંગમાં સતત ૨૧ મેડન ઓવર ફેંકી હતી. તેમનો આ રેકોર્ડ આજે પણ અકબંધ છે. અત્યાર સુધી કોઈ બોલર સતત આટલી મેડન ઓવર ફેંકી શક્યો નથી. આ મેચમાં ભારતે પ્રથમ દાવ સાત વિકેટ ગુમાવીને ૪૫૭ રન પર ડિકલેર કર્યો હતો. આ મેચ ૧૦ જાન્યુઆરીએ શરૂ થઈ હતી અને ઈંગ્લેન્ડ ૧૧ જાન્યુઆરીએ બેટિંગમાં આવ્યું હતું. એ જ દિવસે બાપુ નાડકર્ણીએ દમદાર બોલિંગ કરી સળંગ મેડન ઓવર ફેંકવાનો રેકોર્ડ બનાવ્યો અને ઈંગ્લેન્ડના બેટ્સમેનો રન બનાવવા જ ન દીધા. બાપુ નાડકર્ણીએ ઈંગ્લેન્ડના પ્રથમ દાવમાં બેટ્સમેનોને રન બનાવવા દીધા ન હતા. તેમણે સળંગ ૨૧ મેડન ઓવર ફેંકી હતી. જોકે આટલી સારી બોલિંગ ફેંકવા છતા તેમને એક પણ વિકેટ મળી નહીં. બાપુ નાડકર્ણીએ ૩૨ ઓવર નાખી અને માત્ર પાંચ રન આપ્યા હતા. જેમાં તેણે કુલ ૨૭ મેડન ઓવર નાંખી હતી. તેની એવરેજ માત્ર ૦.૧૫ હતી. બાપુ નાડકર્ણી તેમની ચુસ્ત લાઈન-લેન્થ માટે જાણીતા હતા. તેમણે બેટ્સમેનોને રન બનાવવાની તક આપી ન હતી. તેમણે બીજી ઈનિંગમાં શાનદાર બોલિંગ કરી હતી. બીજા દાવમાં બાપુ નાડકર્ણીએ છ ઓવર અને ચાર મેડન ઓવર નાંખી હતી. જો કે આ ઈનિંગમાં તેમને વિકેટ મળી હતી. તેમણે છ રન આપીને બે વિકેટ લીધી હતી. સળંગ મેડન ઓવર ફેંકવાનો તેમનો રેકોર્ડ આજ સુધી તૂટ્યો નથી. પ્રથમ દાવમાં મોટો સ્કોર કરી ઈંગ્લેન્ડને ઓછા સ્કોર સુધી મર્યાદિત રાખ્યા બાદ પણ ભારત આ મેચ જીતી શક્યું ન હતું.

# પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ મેચ પહેલા ન્યૂઝીલેન્ડની ટીમને ઝટકો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।

આ વર્ષે જૂનમાં યોજાનાર T20 વર્લ્ડ કપ માટે તમામ ટીમો કમર કસી રહી છે. એક તરફ ટીમ ઈન્ડિયા અફઘાનિસ્તાન સામે T20 સિરીઝ રમી રહી છે, તો બીજી તરફ પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ વચ્ચે શુક્રવારથી મહત્વની સિરીઝ શરૂ થઈ રહી છે. પરંતુ આ સિરીઝ શરૂ થાય તે પહેલા જ સિરીઝમાં કોરોનાની એન્ટ્રી થઈ ગઈ છે. શુક્રવારે યોજાનારી પ્રથમ T20 પહેલા જ ન્યૂઝીલેન્ડની ટીમને ઝટકો લાગ્યો હતો. ન્યૂઝીલેન્ડનો સ્ટાર ઓલરાઉન્ડર મિચેલ સેન્ટનર આ T-20 મેચમાંથી બહાર થઈ ગયો હતો. મિશેલ સેન્ટનર કોરોનાથી સંક્રમિત છે અને મેચ પહેલા કરાયેલા કોવિડ ટેસ્ટમાં તે પોઝિટિવ આવ્યો છે. આ લાંબા સમય પછી બન્યું છે જ્યારે કોઈ ક્રિકેટર મેચ પહેલા કોરોના પોઝિટિવ આવ્યો છે. જો કે, આની મેચ પર કોઈ અસર નહીં થાય, કારણ કે ન્યુઝીલેન્ડ ક્રિકેટ બોર્ડે મિશેલ સેન્ટનરને



સંપૂર્ણ આરામ કરવાની અને ઘરે રહેવાની સલાહ આપી છે. આનો અર્થ એ થયો કે પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ વચ્ચેની પ્રથમ T20 મેચ સમયસર શરૂ થશે. પાકિસ્તાનની ટીમે અહીંથી ૨૦ વર્લ્ડ કપની તૈયારીઓ શરૂ કરી દીધી છે. અહીંથી નવા કેપ્ટન શાહીન શાહ આફ્રિદી માટે પણ પરીક્ષા શરૂ થઈ રહી છે, કારણ કે તેની કેપ્ટન્સીમાં આ પહેલી સિરીઝ છે. તે પણ આશ્ચર્યજનક છે કે પાકિસ્તાનનો નવો કેપ્ટન શાહીન આફ્રિદી અહીં કેટલાક મોટા નિર્ણય લઈ શકે છે, જેની અસર વર્લ્ડ કપમાં જોવા મળશે. વાસ્તવમાં, શાહીન શાહ આફ્રિદીએ સંકેત આપ્યો છે કે હવે બાબર આઝમ અને મોહમ્મદ રિઝવાન પાકિસ્તાની T20 ટીમમાં ઓપનિંગ કરતા જોવા મળશે નહીં. શાહીન આફ્રિદીએ કહ્યું છે કે અમારે વર્લ્ડ કપ પહેલા ૧૭ મેચ રમવાની છે, અહીં અમે અલગ-અલગ પ્રયોગો કરીશું અને તેમાં ઓપનિંગ પણ સામેલ છે. તમને જણાવી દઈએ કે પાકિસ્તાન અને ન્યુઝીલેન્ડ વચ્ચે કુલ પાંચ T20 મેચો રમાવાની છે અને આ સિરીઝ ૨૧ જાન્યુઆરી સુધી ચાલશે.

# પાકિસ્તાનની પ્રથમ શ્રેણીમાં કેપ્ટન તરીકે શાહીન આફ્રિદીની શરૂઆત બહુ સારી રહી નથી

।(એજન્સી) નવી દિલ્હી, તા.૧૨।

પાકિસ્તાને T20 વર્લ્ડ કપની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ન્યુઝીલેન્ડ વિરૂદ્ધ પાંચ મેચની T20 શ્રેણી શુક્રવારથી શરૂ થઈ છે અને પાકિસ્તાની ટીમે તેની સાથે ઘણા પ્રયોગો પણ શરૂ કર્યા છે.

ફાસ્ટ બોલર શાહીન શાહ આફ્રિદીની કપ્તાનીમાં પાકિસ્તાનની આ પ્રથમ શ્રેણી છે, પરંતુ કેપ્ટન તરીકે શાહીનની શરૂઆત બહુ સારી રહી નથી. શાહીન આફ્રિદીએ એક ઓવરમાં ૨૪ રન આપ્યા હતા. ખાસ વાત એ હતી કે ન્યુઝીલેન્ડના બેટ્સમેન ફિન એલને શાહીન આફ્રિદીને સતત પાંચ બોલ પર પાંચ બાઉન્ડ્રી ફટકારી હતી અને એક રીતે આ તેની કારકિર્દીની સૌથી મોંઘી ઓવર



પણ રહી હતી. ઈનિંગની ત્રીજી ઓવરમાં જ શાહીન આફ્રિદી સાથે આવું થયું હતું. ફિન એલને ન્યૂઝીલેન્ડની ઈનિંગ્સની ત્રીજી ઓવરમાં શાહીન આફ્રિદી પર બેટથી જોરદાર એટેક કર્યો હતો. તેણે આ ઓવરમાં ૨ છગ્ગા, ત્રણ ચોગ્ગા ફટકાર્યા અને કુલ ૨૪ રન ફટકાર્યા હતા. આ દરમિયાન ફિન એલને શાહીન આફ્રિદીના બોલ પર એક હાથે સિક્સર પણ ફટકારી હતી.

BOLLYWOOD NEWS FLASH

### જેન્ટલમેનમાં પણ એક કિસિંગ સીનના શૂટિંગ દરમ્યાન સિદ્ધાર્થ મલ્હોત્રા અને જેકલીન ફર્નાડિસ એકબીજામાં ખોવાઇ ગયા હતા

# દિપિકાથી લઈને ટાઈગર શ્રોફ કિસિંગ સીન વખતે બેકાબૂ થઇ ગયા

। મુંબઈ, તા.૧૨ ।

બોલિવૂડની અનેક એવી ફિલ્મો છે જેમાં એકથી એક બોલ્ડ સીન જોવા મળે છે. આમ, તમને જણાવી દઈએ કે આ સીન્સ ફિલ્માવતા બોલિવૂડ સેલેબ્સ એટલા રોમાન્સમાં ડૂબી ગયા હતા કે એમની રીલ અને રીયલ લાઈફમાં કોઈ ફરક લાગ્યો નહીં. આ સ્ટાર્સ એક બીજામાં એટલા ખોવાઈ ગયા કે ડાયરેક્ટના કટ બોલ્યા પછી અવાજ સાંભળ્યો નહીં અને રોમાન્સની મજા માણતા રહ્યા. આજે અમે તમને બોલિવૂડની લાઈફની આ રિપોર્ટમાં એવા સેલેબ્સ વિશે જણાવીશું જેમાં બોલ્ડ સીન્સ દરમિયાન બેકાબુ થઈ ગયા હતા. આ લિસ્ટમાં ટાઈગર શ્રોફ અને જેકલીનનું નામ મોખરે છે. ફિલ્મ ફ્લાઈંગ જેટમાં ટાઈગર અને જેકલીને એમનો જલવો દેખાડ્યો હતો. જ્યારે ટાઈગર અને જેકલીનનો એક કિસિંગ સીનનો શૂટિંગ કરી રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી. ફિલ્મ રામ લીલામાં દીપિકા પાદુકોણ અને રણવીર સિંહે અનેક ઈન્ટિમેટ સીન્સ આપ્યા છે. આ ફિલ્મના સોન્ગ ગોલિયો કી રાસ લીલાના શૂટિંગ દરમિયાન રણવીર અને દીપિકા એકબીજામાં ડૂબી ગયા હતા. ડાયરેક્ટરે કટ કહ્યું તેમ છતા બન્ને સતત એકબીજાને કિસ કરતા રહ્યા.

ફિલ્મ એ જેન્ટલમેનમાં પણ એક કિસિંગ સીનના શૂટિંગ દરમ્યાન સિદ્ધાર્થ મલ્હોત્રા અને જેકલીન ફર્નાડિસ એકબીજામાં ખોવાઈ ગયા હતા. આ સીન જોઈને અનેક લોકો મલ્ટીપ્લેક્સમાં પણ ચીસો પાડવા લાગ્યા હતા. ફિલ્મ યે જવાની હૈ દિવાનીમાં રણબીર કપૂરને એવલિન શર્માને કિસ કરવાની હતી. જ્યારે આ સીન ફિલ્માવવામાં આવ્યો હતો ત્યારે રણબીર કપૂર ડાયરેક્ટરને કટ બોલ્યા પછી એવલિન શર્માને કિસ કરતા રહ્યા.

જો કે આ બધા સીન જોઈને દર્શકો પણ વિચારમાં પડી ગયા હતા. રૂસલાન મુમતાઝ અને ચેતનાએ ફિલ્મ આઈ ડોન્ટ લવ યુમાં અનેક બોલ્ડ સીન્સ આપ્યા હતા. એક સીનને ફિલ્માવવા દરમિયાન બન્નેએ અનેક હદ પાર કરી દીધી હતી. જો કે આ તસવીર તમને ઘણું બધુ કહી જાય છે. આ તસવીરમાં તમે એક્ટર અને એક્ટ્રેસને બોલ્ડ પોઝમાં જોઇ શકો છો. આમ કિસિંગ સીનની વાત કરવામાં આવે તો બોલિવૂડમાં બીજા પણ અનેક મુવી એવા છે જેમાં આ ટાઈપની પરિસ્થિતિ જોવા મળી.

### ઈન્ડસ્ટ્રીમાં એવા ઘણા નામ છે જેમણે રાતોરાત ફેમસ થયાં, થોડા વર્ષો કામ કર્યું અને પછી ગુમનામ થઈ ગયા

# માલા સિંહા બાથરૂમની દીવાલમાંથી નીકળ્યો હતો રૂપિયાનો ઢગલો

। મુંબઈ, તા.૧૨ ।

ઈન્ડસ્ટ્રીમાં એવા ઘણા નામ છે જેમણે રાતોરાત ફેમસ થયાં, થોડા વર્ષો કામ કર્યું અને પછી ગુમનામ થઈ ગયા. કેટલાકે આ ગુમનામી જાતે જ કબૂલી અને કેટલાકે પોતાના માટે મુશ્કેલીઓ ઊભી કરી. બોલિવૂડની એક સુંદર એક્ટ્રેસ, જેણે એક પછી એક ઘણી ફિલ્મોમાં કામ કર્યું અને લગભગ ૪૦ વર્ષ સુધી બોલિવૂડ પર રાજ કર્યું. આ ૪૦ વર્ષોમાં ૩ દાયકા સુધી તે સૌથી વધુ કમાણી કરતી એક્ટ્રેસીસની લિસ્ટમાં રહી, પરંતુ પછી એક ભૂલે બધું બરબાદ કરી નાખ્યું અને ટોપ પર રહેલું



તેનું કરિયર એક જ ઝાટકે બરબાદ થઈ ગયું. આપકી નઝરોને સમજાપપ્યાર કે કાબિલ મુજે' આ ગીતને આજે પણ લોકો ગણગણે છે. ગીતમાં પોતાના મોહક સ્મિતથી લોકોને દિવાના બનાની દેનારી આ એક્ટ્રેસ છે માલા સિંહા. માલા સિન્હાએ 'બાદશાહ', 'હેલ્મેટ', 'પ્યાસા', 'નયા જમાના', 'એક ગાંવ કી કહાની', 'ચંદન', 'ફિર સુબહ હોગી', 'પરવરિશ', 'ઉજાલા' થી લઈને 'મૈં નશે મેં હૂં' જેવી ઘણી ફિલ્મો કરી. તેની કરિયરમાં તેણે ધર્મેન્દ્ર, મનોજ કુમાર, સંજય ખાન, રાજેશ ખન્ના અને અમિતાભ બચ્ચન સાથે કામ કર્યું હતું.

# શાહિદ કપૂર-કૃતિ સેનનની રોમેન્ટિક ડ્રામાનું ટાઈટલ થયું રિવીલ

। મુંબઈ, તા.૧૨ ।

શાહિદ કપૂર લાંબા સમય બાદ ફિલ્મ લઈને આવી રહ્યો છે. હાલમાં તેને કૃતિ સેનન સાથેની તેની અપકમિંગ ફિલ્મનું ટાઈટલ રિવીલ કરીને ફેન્સને એક મોટું સરપ્રાઈઝ આપ્યું છે. આ મચ અવેટેડ ફિલ્મની પહેલી ઝલક પણ સામે આવી છે, જેને જોઈને ફેન્સનું એક્સાઈટમેન્ટ વધી ગયું છે. પરંતુ બીજી તરફ તેનું નામ સાંભળીને ઘણા લોકો તેને ટ્રોલ પણ કરી રહ્યા છે. તમને જણાવી દઈએ કે મેકર્સે ફિલ્મને વેલેન્ટાઈન વીક પર રિલીઝ કરવાનો નિર્ણય લીધો છે. શાહિદ કપૂર અને કૃતિએ તેમના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર આ ફિલ્મને લઈને અપડેટ્સ આપ્યા છે. શાહિદે પોસ્ટ સાથે જણાવ્યું છે કે ફિલ્મનું ટાઈટલ 'તેરી બાતોં મેં ઐસા ઉલ્ઝા જિયા' છે. આ ફિલ્મ આ વર્ષે વેલેન્ટાઈન વીકમાં ૯મી ફેબ્રુઆરીએ થિયેટરોમાં રિલીઝ થવા



માટે તૈયાર છે. હાલમાં મેકર્સે ફિલ્મમાંથી શાહિદ અને કૃતિની એક ઝલક શેર કરી છે. જેને જોયા બાદ ફેન્સ આ ફિલ્મની રાહ જોઈ રહ્યા છે. મેડોક બેનર હેઠળ બનેલી શાહિદ અને કૃતિની રોમેન્ટિક ડ્રામાથી આશા છે કે આ દર્શકોનું મનોરંજન કરવામાં સફળ રહેશે. આ પહેલીવાર છે જ્યારે શાહિદ કૃતિ સાથે સ્ક્રીન શેર કરતો જોવા મળશે. બંને જ બોલિવુડના મનપસંદ સ્ટાર્સ છે, જેમની ફિલ્મોની ફેન્સ રાહ જોઈ રહ્યા છે.

### રંગમંચ પર વાપસી કરવાને લઈને નેહા ખૂબ ઉત્સાહિત તે ખૂબ જલ્દી જ ટેલિવિઝન પર પણ પાછી જોવા મળશે

# અભિનેત્રી રકુલ પ્રીત કરોડોની સંપત્તિની માલકીન

। મુંબઈ, તા.૧૨ ।

રિપોર્ટ્સ અનુસાર, અભિનેત્રી રકુલ પ્રીત સિંહ ખૂબ જ જલ્દી એક્ટર જેકી ભગનાનીની દુલ્હન બનવા જઈ રહી છે. આવી સ્થિતિમાં અમે તમને જણાવવા જઈ રહ્યા છીએ કે અભિનેત્રીની નેટવર્થ કેટલી છે. રકુલ પ્રીત સિંહ માત્ર હિન્દી સિનેમા જ નહીં પરંતુ સાઉથ ઈન્ડસ્ટ્રીમાં પણ જાણીતું નામ છે. અભિનેત્રીએ બોલિવૂડમાં પોતાના કરિયરની શરૂઆત ફિલ્મ 'યારિયાં'થી કરી હતી. જે બાદ તે સુપરહિટ ફિલ્મોમાં જોવા મળી છે. આ જ કારણ છે કે આજે અભિનેત્રી લેવિશ લાઈફસ્ટાઈલની માલિક છે. જેની પાસે મુંબઈમાં આલીશાન ઘર પણ છે. ફીની વાત કરીએ તો, રકુલ પ્રીત સિંહ એક ફિલ્મ માટે લગભગ ૩ થી ૪ કરોડ રૂપિયા જેટલી મોટી રકમ લે છે. રિપોર્ટ્સ અનુસાર અભિનેત્રીની નેટવર્થ અંદાજે ૪૬ કરોડ રૂપિયા છે. આ સાથે રકુલ પાસે ઘણી મોંઘી કારોનું કલેક્શન પણ છે. રકુલના ભાવિ પતિ જેકી ભગનાનીની નેટવર્થ વિશે વાત કરીએ તો રિપોર્ટ્સ અનુસાર તે ૩૫ થી ૪૦ કરોડ રૂપિયાની વચ્ચે છે. તમને જણાવી દઈએ કે જેકી અને રકુલ છેલ્લા ઘણા સમયથી એકબીજાને ડેટ કરી રહ્યા છે.

# ડિપ્રેશન અને ગભરાહટને છૂમંતર કરી શકે છે પાંચ ગીત

। મુંબઈ, તા.૧૨ ।

રાગ અને તાલ આ બે શબ્દો ભારતમાં માત્ર સંગીત પૂરતું મર્યાદિત નથી. કેટલાક મહાન વિદ્વાનોએ કહ્યું છે કે ભારતના દરેક તંતુમાં રાગ અને તાલ હાજર છે. ભારત રાગ અને તાલનો દેશ છે. અહીં કોઈ સંગીતથી લઈને જીવનની લય સુધીની દરેક વસ્તુમાં રાગ અને લય શોધી શકે છે. સંગીતના રાગ એટલા દમદાર છે કે તેનાથી કોઈ બીમારને તેની ઝંકારથી પથારીમાંથી ઉભા કરી શકે છે. ઘણી જગ્યાએ મ્યુઝિક ટ્રીટમેન્ટ પણ કરવામાં આવે છે. રાગના ધ્વનિની મન પર ઊંડી અસર પડે છે અને મૂડ પળવારમાં બદલાઈ જાય છે. એક રાગ છે જેનું નામ છે 'આહિર ભૈરવ'. આ રાગમાંથી બનેલા ગીતો તમને ડિપ્રેશન અને એંગ્ઝાઈટીનો શિકાર વ્યક્તિને પળવારમાં બહાર લાવી શકે છે. જો તમે પણ રાત્રિના સમયે એકલા રહેતા ડિપ્રેશન અને એંગ્ઝાઈટીનો શિકાર છો, તો બોલિવૂડની ફિલ્મોમાં ફિલ્માવાયેલા આ ગીતો તમારો મૂડ સુધારી શકે છે. સલમાન ખાન અને ઐશ્વર્યા રાય સ્ટારર સુપરહિટ ફિલ્મ 'હમ દિલ દે ચૂકે સનમ'માં એક ગીત હતું. આ ગીતના બોલ હતા 'અલબેલા સજન ઘર આયા'. આ ગીતે રાતોરાત દેશભરના લોકોના દિલમાં જગ્યા બનાવી લીધી હતી. આ ગીત રાગ આહીર ભૈરવનું શ્રેષ્ઠ ગીત છે. આ ગીતનો ઝંકાર કાન સુધી પહોંચતા જ મન નાચવા લાગે છે. આ ગીત શંકર મહાદેવન અને કવિતા કૃષ્ણમૂર્તિએ ગાયું હતું. વર્ષ ૧૯૬૩માં રિલીઝ થયેલી ફિલ્મ 'મેરી સુરત તેરી આંખે' ફિલ્મ ભલે આજે ૬૦ વર્ષ પછી આજે કદાચ ગુમનામ બની ગઈ છે. પરંતુ આ ફિલ્મમાં રાગ આહિર ભૈરવ પર રચાયેલ ગીત 'પૂછો ના કૈસે મૈં' લોકોના દિલમાં જીવંત છે.

### અજય દેવગણ-આર. માધવન લીડ રોલમાં, ડાયરેક્ટર વિકાસ બહેલે આ ફિલ્મને ડાયરેક્ટ કરી છે

# ૧૯૫૧થી ૧૯૯૫ સુધી એક જ નામથી ૪ ફિલ્મો બની

। મુંબઈ, તા.૧૨ ।

૧૯૫૧થી ૧૯૯૫ દરમિયાન 'બાઝી' નામથી ચાર અલગ-અલગ ફિલ્મો બની હતી, જેમાંથી માત્ર એક જ ફિલ્મ બોક્સ ઓફિસ પર સફળ રહી હતી. તમને જાણીને નવાઈ લાગશે કે જ્યારે પહેલીવાર 'બાજી' નામની ફિલ્મ બની તો તેણે બોક્સ ઓફિસ પર કમાણી મામલે ઈતિહાસ રચ્યો હતો, ત્યારબાદ જ્યારે પણ નિર્માતાઓએ આ જ નામની ફિલ્મો બનાવી ત્યારે તેમને નુકસાન જ સહન કરવું પડ્યું હતું. બાજી નામની પ્રથમ ફિલ્મ ૧ જુલાઈ ૧૯૫૧ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી, જે ગુરૂ દત્ત દ્વારા નિર્દેશિત ક્રાઈમ ડ્રામા ફિલ્મ હતી. તે દેવાનંદના પ્રોડક્શન હાઉસ નવકેતન ફિલ્મ્સની બીજી ફિલ્મ હતી. આ પહેલી ફિલ્મ હતી જેમાં દેવાનંદ તેમની રેપિડ-ફાયરની અનોખી શૈલી સાથે આવ્યા હતા. તે બોક્સ ઓફિસ પર ખૂબ જ સફળ રહી હતી અને 'આવારા' પછી ૧૯૫૧ની બીજી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ હતી. બીજી વખત, 'બાજી' નામની ફિલ્મ ૧ નવેમ્બર ૧૯૬૮ના રોજ સિનેમાઘરોમાં રજૂ કરવામાં આવી હતી, જે મોની ભટ્ટાચારજી દ્વારા નિર્દેશિત થ્રિલર ફિલ્મ હતી.

# ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગમાં રાષ્ટ્રીય યુવા દિવસ-સ્વામી વિવેકાનંદ જીની જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

સંજેલી તાલુકામાં આવેલ જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ન્યુ પાર્થ નવોદય તાલીમ વર્ગ કાર્યરત છે. જેમાં ધોરણ ૫ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નવોદય, એકલવ્ય, સૈનિક શાળા પ્રવેશ પરીક્ષા, જ્ઞાન સાધના પરીક્ષા, શિષ્યવૃત્તિ પરીક્ષા તેમજ અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવવામાં આવે છે. અનાથ, અપંગ અને અતિગરીબ બાળકોને વિનામૂલ્યે માર્ગદર્શન અને તાલીમ આપવામાં આવે છે.

જય અંબે એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખશ્રી અને ન્યુ પાર્થ નવોદય તાલીમ કેન્દ્રોના સંચાલક શ્રી દિલીપકુમાર એચ. મકવાણા માર્ગદર્શનથી તાલીમ વર્ગ ખાતે રાષ્ટ્રીયયુવા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૧૨ જાન્યુઆરીએ યુવા દિવસ ઉજવવામાં આવે છે. સ્વામી વિવેકાનંદના જન્મ દિવસ નિમિતે, તેમના અમૂલ્ય વિચારોને યાદ કરવા અને તેમના પાસેથી પ્રેરણા લેવા માટે આ દિવસ ઉજવવામાં આવે છે. શિકાગોમાં સ્વામી વિવેકાનંદનું ભાષણ આજે લોકોમાં પ્રખ્યાત છે. "ઉઠો જાગો અને જ્યા સુધી દયેય પ્રાપ્ત ન થાય ત્યાં સુધી મંડ્યા રહો"તેની વિસ્તૃત સમજ તાલીમ વર્ગના વિદ્યાર્થીઓને આપવામાં આવી હતી. મોરા તાલીમ વર્ગમાં અશ્વિનભાઈ સંગાડા અને સુખસર તાલીમ વર્ગમાં રાજુભાઈ મકવાણાએ રાષ્ટ્રીય યુવા દિવસ વિશે માહિતી આપી હતી.

# ગેંગદિયા વર્ગ ડુંગરી પ્રા.શાળામાં દિપક ફાઉન્ડેશન અને લાઈટ સંસ્થા દ્વારા આઈ ચેકઅપ કેમ્પ યોજાયો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

ઝાલોદ તારીખ ૧૦મી જાન્યુઆરી ૨૦૨૪ના રોજ ગેંગદિયા વર્ગ ડુંગરી પ્રા.શાળામાં મફત આઈ ચેકઅપ કેમ્પ યોજાયો.દિપક ફાઉન્ડેશન અને લાઈટ સંસ્થા દ્વારા ઝાલોદ તાલુકાની ગેંગદિયા વર્ગ ડુંગરી પ્રા શાળા માં આંખની મફત તપાસ માટે નો કેમ્પ યોજવામાં આવ્યો. જેમાં શાળાના બાળકો, શિક્ષકો અને ગામમાંથી વાલીઓએ આંખોની મફત તપાસ કરાવી હતી. જેમને નંબર હોય તેમને મફત ચશ્મા આપવામાં આવ્યા.સાથે ધોરણ૧થી૮ ના હાજર તમામ બાળકોને મફત શૈક્ષણિક કીટ નું વિતરણ કરવામાં આવ્યું.૧થી૫ ના બાળકોને ગુડ ટચ આને બેડ ટચ વિશે વાર્તા કહી સમજ આપવામાં આવી.ધોરણ ૮ની બાલિકાઓ ને શારીરિક વિકાસ સાથે રાખવાની સાવધાની ઘરેલુ અપરાધ વિશે સમજ આપવામાં આવી. આમ લાઈટ સંસ્થા દ્વારા શાળાના આચાર્ય બી.એચ. કટારાને શિલ્ડ આપી તેમના કાર્યો વિશે સમજ આપવામાં આવી.તમામ સભ્યોનો શાળા પરિવારે આભાર વ્યક્ત કરી કેમ્પનું સમાપન કરવામાં આવ્યું.

# ઝાલોદ નગરપાલિકા સ્વચ્છતા સર્વેક્ષણના પરિણામમાં ઝોનમાં ૩૦૦માં ક્રમે ધકેલાયું

## કાયમી ચીફ ઓફીસરનો અભાવ તેમજ નગરપાલિકાના જવાબદાર કર્મચારીઓનું કામ કરવા પ્રત્યેનું મનસ્વી વલણ જવાબદાર

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

હાલ વિતેલ ૨૦૨૩ માં સ્વચ્છતા સર્વેક્ષણના પરિણામ જાહેર થયેલ છે તેમાં ઝાલોદ નગર પાલિકાનું સ્તર દિવસે દિવસે કથળતું જાય છે તે સરકારના બતાવેલ આંકડા દર્શાવે છે. ઝાલોદ નગરપાલિકામાં હાલ વહીવટદાર અને ચીફ ઓફીસરનું શાસન ચાલે છે. ઝાલોદ નગરપાલિકા ૨૦૨૨ ની સરખામણીમાં સર્વેક્ષણ રિપોર્ટ મુજબ ઝોનની સરખામણીમાં ૨૦૨૨ માં ૨૨૪ હતું અને તે ૨૦૨૩ માં ૩૦૦ ના નંબર પર છે.આ સર્વેક્ષણના આંકડા મુજબ સફાઈનો રેસીઓમા ઝાલોદ નગર પાછળ ધકેલાયું છે.

આ આંકડા મુજબ ઝાલોદ નગરપાલિકાનું સ્વચ્છતા ધોરણ દિવસે દિવસે કથળતું જાય છે. સ્વચ્છતા ઝુંબેશ અને તેનું પરિણામ ફક્ત કાગળ પર પૂરવાર થયું હોય તેવું જાહેર થયેલ આંકડા મુજબ કહી શકાય. નગરપાલિકામાં સ્વચ્છતા અંતર્ગત ફક્ત કાગળ પર કામકાજ થયેલ હોય તેમજ ફોટોગ્રાફી કરી મોટા ગુણગાન ગાયા હોય તેવું લાગી રહેલ છે. આ માટે નગરના લોકોનું માનવું છે નગરપાલિકામાં કાયમી ચીફ ઓફિસરનો અભાવ નગરમાં થતા કામકાજમાં અસર કરે છે. તેમજ નગરના લોકોનું કહેવું છે કે નગરપાલિકાના અમુક કર્મચારીઓનું કામકાજ પ્રત્યે મનસ્વી વલણ પણ આ માટે જવાબદાર છે. નગરપાલિકામાં હાલ થતી કામગીરીમાં અમુક કર્મચારીઓ પોતે વહીવટદાર હોય તેવું વલણ કરી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

રહ્યાના આક્ષેપો નગરજનો લગાવી રહેલ છે.

ઝાલોદ નગરપાલિકા પ્રત્યે ઝોન દ્વારા સતત ઓરમાયું વર્તન રખાતુ હોય તેમ નગરજનોમાં ચર્ચા થઈ રહેલ છે. નગરમાં કાયમી ચીફ ઓફિસરનો અભાવ નગરની કામગીરી પર અસર કરતો જોવા મળી રહેલ છે. કેટલાય સમયથી નગરજનો કાયમી ચીફ ઓફિસરની માંગ કરી રહેલ છે તે પૂરી થતી નથી તેથી તેની સીધી અસર નગરના દરેક વિકાસના કામોમાં થતી જોવા મળી રહેલ છે. નગરપાલિકાની ચૂંટણી પણ પાછળ ધકેલાઈ રહી હોઈ હાલ નગરજનો વહીવટદાર અને હંગામી ચીફ ઓફિસરની દેખરેખ હેઠળ વહીવટ ચાલી રહેલ છે. ઝાલોદ નગરપાલિકાનું સુંદર વહીવટ જો સરકાર કરવા ઈચ્છતી હોય તો ચુંટણી જે પાછળ ઠેલાઈ રહી છે તેને યોગ્ય નિર્ણય લઈ સત્વરે યોજાય તેમજ નગરમાં કાયમી ચીફ ઓફિસરની નિમણૂક થાય તેવું નગરજનો ઈચ્છી રહેલ છે. જેથી નગરનો વિકાશ પ્રગતિશીલ બને.

## "ખેલ મહાકુંભ ૨.૦ તાલુકા કક્ષા સ્પર્ધા ૨૦૨૩-૨૪"

# રાજકોટ જિલ્લામાં જેતપુર તાલુકામાં જુદી જુદી સ્પર્ધામાં ઉત્સાહભેર સહભાગી થતા જુદાં જુદાં ૭ વયજૂથના ૧૯૮૦ જેટલા સ્પર્ધકો

। (માહિતી) રાજકોટ, તા.૧૨ ।

રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર અંતર્ગતની જિલ્લા રમત ગમત કચેરી તથા જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર દ્વારા રાજકોટ જિલ્લામાં જેતપુર તાલુકાની તાલુકા કક્ષાની "ખેલ મહાકુંભ સ્પર્ધા ૨.૦" યોજાઈ હતી. જેમાં અંડર-૯, અંડર-૧૧, અંડર-૧૪, અંડર-૧૭, ઓપન એઈજ ગ્રુપ, ૪૦ વર્ષથી ઉપર અને ૬૦ વર્ષથી ઉપર એમ કુલ ૭ વય જૂથમાં ૧૯૮૦ જેટલા સ્પર્ધકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તાલુકા કક્ષાની આ સ્પર્ધામાં વિજેતા થયેલા સ્પર્ધકો હવે પછી યોજાનારી જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ કૌવત ઝળકાવશે.

તાલુકા કક્ષાની આ સ્પર્ધાનાં કન્વીનરશ્રી કે.એસ.અકબરીએ જણાવ્યું હતું કે, જેતપુર તાલુકા કક્ષાની આ સ્પર્ધામાં તા.૦૬ જાન્યુઆરીના રોજ જેતલસર પી.ડી.બી. સ્કૂલ ખાતે ખો-ખો ની રમતમાં અંડર - ૧૪, અંડર - ૧૭ અને ઓપન એઈજના ભાઈઓ બહેનો તથા રસ્સાખેંચની સ્પર્ધામાં અંડર -૧૭, ઓપન એઈજ, ૪૦ વર્ષથી ઉપર અને ૬૦ વર્ષથી ઉપરનાં ભાઈઓ બહેનોએ ભાગ લીધો હતો. તા. ૦૮ જાન્યુઆરીના રોજ એસ.પી.વી. એસ. કેમ્પસ પેઢલા ખાતે કબડ્ડીની



સ્પર્ધામાં અંડર - ૧૪, અંડર - ૧૭, અને ઓપન એઈજ ગ્રુપના ભાઈઓ બહેનો તથા ચેસની સ્પર્ધામાં અંડર - ૧૧, અંડર - ૧૪, અંડર - ૧૭, અને ઓપન એઈજના ભાઈઓ બહેનોએ ભાગ લીધો હતો.

જ્યારે તા.૦૯ જાન્યુઆરીના રોજ ધવલ ઈન્ટરનેશનલ સ્કૂલ જેતપુર ખાતે યોગાસન સ્પર્ધામાં અંડર - ૧૪, અંડર - ૧૭, અને ઓપન એઈજના ભાઈઓ બહેનો તથા વોલીબોલની સ્પર્ધામાં અંડર - ૧૪, અંડર - ૧૭ અને ઓપન એઈજના ભાઈઓ બહેનોએ ભાગ લીધો હતો. તા. ૧૦ જાન્યુઆરીના રોજ ધવલ ઈન્ટરનેશનલ સ્કૂલ જેતપુર ખાતે એથલેટિકસ વિભાગની જુદી જુદી રમતો અંતર્ગત અંડર-૯, અંડર-૧૧, અંડર-૧૪, અંડર-૧૭ અને ઓપન એઈજ ગ્રુપમાં ભાઈઓ બહેનોએ ભાગ લીધો હતો.

# ઝાલોદ કેળવણી મંડળ શૈક્ષણિક સંકુલમાં સ્વામી વિવેકાનંદની પ્રતિમાને માલ્યાર્પણનો પ્રોગ્રામ યોજાયો

## સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડ, સાર્વજનીક પુસ્તકાલય, કેળવણી મંડળ તેમજ નગરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

ઝાલોદ કેળવણી મંડળ દ્વારા ચાલતી શૈક્ષણિક સંસ્થાના સંકુલમાં સાર્વજનિક પુસ્તકાલય દ્વારા સ્વામી વિવેકાનંદની પ્રતિમાને મૂકવામાં આવી હતી. જેથી આજના યુવાઓ જે શૈક્ષણિક રીતે સંકળાયેલ છે તેમને આ પ્રતિમાને જોઈ તેમના જીવન માંથી સારો બોધપાઠ મેળવી શકે. આજરોજ તારીખ ૧૨-૦૧-૨૦૨૪ શુક્રવારના રોજ કેળવણી મંડળના શૈક્ષણિક સંકુલમાં નગરની સંસ્થા સાથે સંકળાયેલા આગેવાનો તેમજ નગરના આગેવાનો દ્વારા ઉપસ્થિત રહી સ્વામી વિવેકાનંદ યુવા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

ઝાલોદ નગરના સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડના સંયોજક અજય ભાટીયા, કેળવણી મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ, મંત્રી તેમજ સભ્યો, શૈક્ષણિક સંસ્થાના તમામ આચાર્યો, વિધાર્થીઓ તેમજ નગરના આગેવાનો ઉપસ્થિત રહી સ્વામી વિવેકાનંદજી ની પ્રતિમાને માલ્યાર્પણ કરી સ્વામી વિવેકાનંદ યુવા દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

# ઝાલોદ પોલિસ દ્વારા જ્યુપીટર વાહન પર વિદેશી દારૂના જથ્થાની હેરાફેરી કરતા બે વ્યક્તિની પકડી પાડવામાં આવ્યા

## કુલ ૩૨ બોટલ વિદેશી દારૂ જેની કિમત ૮૪૦૦ અને એક વાહન જેની કિમત ૨૫૦૦૦ થઇ ૩૩૪૦૦ નો મુદ્દામાલ ઝડપી પડાયો

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૨ ।

ઝાલોદ પોલીસ દ્વારા જિલ્લા પોલીસ અધિક્ષક રાજદિપ ઝાલાની સૂચના મુજબ ગેરકાનૂની કામગીરી કરતા અસામાજિક તત્વો તેમજ ગેરકાયદેસર રીતે દારૂની હેરાફેરી કરતા લોકો સામે કડક કાર્યવાહી કરવા જણાવેલ હતું તે અન્વયે ડી.વાય.એસ.પી પટેલના માર્ગદર્શન હેઠળ નગરના પી.એસ.આઈ માળી દ્વારા આ અંગે કડક રીતે કાર્યવાહી આદારી હતી.

પી.એસ.આઈ માળીને મળેલ બાતમી મુજબ ધાવડીયા થી મુણખોસલા તરફ જતા રસ્તા પર થી બે વ્યક્તિ સિલ્વર કલરની જ્યુપીટર કંપનીની મોટર સાયકલ જેનો નંબર GJ-20-BB-5288 પર વિદેશી દારૂ લઈને આવી રહેલ છે તે અન્વયે પોલિસ પૂરતા પોલિસ બંદોબસ્ત સાથે આ રોડ પર આવી રહેલ વાહનની વોચમાં ઉભા હતા. તે અન્વયે આ નંબરની મોટર સાયકલ આવતા પોલિસ દ્વારા ગાડી રોકવામાં આવતા જ્યુપીટર સવાર ગાડી વળાવી પરત ભાગવા જતા તે વાહન રોડ પરથી નીચે ઉતરી ઝાડ સાથે અથડાઈ ગયેલ હતી.

જ્યુપીટર ગાડી પડી જતાં તેના પર સવાર બે વ્યક્તિ નાસવા જતા પોલિસ દ્વારા બંને સવાર વ્યક્તિઓને પોલિસ કોર્ડન કરી પકડી પાડેલ હતા. પકડી પાડેલ વ્યક્તિ અજય ભાભોર અને જસવંત વસૈયા પાસેથી કુલ ૩૨ નંગ વિદેશી દારૂની બોટલ જેની કિંમત ૮૪૦૦ અને પકડાયેલ જ્યુપીટરની કિમંત ૨૫૦૦૦ થઈ કુલ ૩૩૪૦૦ નો મુદ્દામાલ પોલિસ દ્વારા પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરેલ છે.

# ધોરાજીના પાટણવાવ ખાતે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" અને "સેવાસેતુ કાર્યક્રમ" યોજાયો, ૧૫૬૫ જેટલા ગ્રામજનોનું થયું આરોગ્યલક્ષી સ્કીનીંગ

। (માહિતી) રાજકોટ, તા.૧૨ ।

કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓનાં લાભ પાત્રતા ધરાવતા નાગરિકો સુધી પહોંચાડવા માટે આયોજિત "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" રાજકોટ જિલ્લામાં ધોરાજી તાલુકાનાં પાટણવાવ ગામે યોજાઈ હતી, જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓની માહિતી લઈ જન જન સુધી પહોંચી રહેલા આ રથનું ગ્રામજનોએ ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"ના કાર્યકમની સાથે સાથે પારદર્શી પ્રશાસન માટે પ્રતિબદ્ધ રાજય સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ તેમજ પ્રજાજનોના વ્યક્તિગત પ્રશ્નોનો ઉકેલ લાભાર્થીઓને તેમના રહેઠાણના નજીકના સ્થળે તે જ દિવસે મળી શકે તેવા ઉમેદા હેતુને ધ્યાને લઈ ધોરાજી તાલુકાનો "સેવા સેતુ કાર્યક્રમ" પણ યોજાયો હતો. જેમાં સરકારશ્રીના ૧૩ જેટલા વિભાગોની વિવિધ ૫૬ યોજનાકીય સેવાઓ એક જ સ્થળે ગ્રામ્ય નાગરિકોને વહીવટીતંત્ર દ્વારા પૂરી પાડવામાં આવી હતી.

# ક્લાઇમેટ ચેન્જ વિષયમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રયત્નોના લીધે વ્યાપાર વિશ્વ માટેની નવી સંભાવનાઓ ખુલી છે : મંત્રી મુળુભાઇ બેરા

। (માહિતી) ગાંધીનગર, તા.૧૨ ।

ક્લાઈમેટ ચેન્જ જેવા વૈશ્વિક મુદ્દાના પડકારો સામે લડત આપી કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરવાના ઉદ્દેશ સાથે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ દરમિયાન પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન વિભાગ દ્વારા 'ટુવર્ડ્સ નેટ ઝીરો'ની થીમ પર વાઈબ્રન્ટ સમિટ ૨૦૨૪ અંતર્ગત સેમિનાર સંપન્ન થયો છે. આ પ્રસંગે ઉપસ્થિત રહેલા ગુજરાતના વન અને પર્યાવરણ તેમજ ક્લાઈમેટ ચેન્જ વિભાગના કેબિનેટ મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ આ દિશામાં ગુજરાત દ્વારા લેવાયેલા ૫ ગલાઓ વિશે જણાવ્યું હતું કે ગુજરાતે એમીશન ટ્રેડિંગ સ્કીમને એક હકારાત્મક અભિગમ સાથે અપનાવી છે અને આવનારા દિવસોમાં એ પ્રકારના કાર્બન માર્કેટને પણ વિકસિત કરવામાં આવશે. ગુજરાતમાં વન્યજીવોની સુરક્ષા અને સતત વધી રહેલી આબાદી વિશે ઉલ્લેખ કરતા મંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાતમાં મેંગ્રોવ વૃક્ષોમાં વધારો, મીષ્ટી યોજના, વનકવચ, નમો વડ વન જેવા કાર્યોને પરિણામે આ દિશામાં ગુજરાતને અદભુત સફળતા મળી છે. તેમણે જણાવ્યું હતું કે, ઉદ્યોગ જગતના વિકાસ સાથે સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગુજરાત સરકારની અગ્રિમ પ્રાથમિકતા રહી છે.

ક્લાઈમેટ ચેન્જ જેવા વિષયોમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્રયત્નોના લીધે વ્યાપાર વિશ્વ માટેની નવી સંભાવનાઓ ખુલી છે. મિશન લાઈફ તેમજ કાર્બડ ટ્રેડીંગ અને ગ્રીન ક્રેડિટની યોજના એ ભારત સરકારની નવતર પહેલ છે. પેરિસ એગ્રીમેન્ટ અંતર્ગત આ વિષયમાં જ્યારે વૈશ્વિક સહમતિ બનવામાં સમય લાગી રહ્યો છે ત્યારે ભારતે તેમાં સારી શરૂઆત કરી છે. સેમિનારમાં વન-પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલે ટુવર્ડ્સ નેટ ઝીરો (કાર્બન ટ્રેડિંગ એન્ડ ડીકાર્બોનાઈઝેશન ઓફ ઈકોનોમી) વિષયક સેમિનારમાં ગુજરાતના સંદર્ભમાં વિચારો વ્યક્ત કર્યા હતાં. મંત્રીશ્રીએ જણાવ્યું હતુ કે, આપણે જેમ જેમ આબોહવા પરિવર્તન દ્વારા ઊભા થયેલા પડકારોનો સામનો કરી રહ્યા છીએ, તેમ તેમ વધુને વધુ સ્પષ્ટ થઈ રહ્યું છે કે કાર્બન ઉત્સર્જનનો સામનો કરવો એ માત્ર નૈતિક જરૂરિયાત જ નહીં પણ ઉદ્યોગ જગત માટે નવી તક પણ છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે. જેના લીધે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે. ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે અન્યોની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. પ્રેમમાં સંતાપ સહન કરવો પડે એવી શક્યતા નકારી શકાય નહીં.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. તમે લોકપ્રિય હશો તથા સામી જાતિની વ્યક્તિને આસાનીથી તમારી તરફ આકર્ષી લેશો. આ રાશિ ના લોકો ને આજે દારૂ અને સિગારેટ થી દૂર રહેવા ની જરૂર છે કારણ કે તે તમારો કિંમતી સમય બગાડે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. તમારૂં જ્ઞાન તથા સારી રમૂજવૃત્તિ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. જીવન સાથી ની ખરાબ તબિયત ને લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે પરંતુ આ વાત ને લયીને ચિંતિત થવા ની જરૂર નથી કેમકે ધન આ માટે સંચિત કરવા માં આવે છે કે ખરાબ સમય માં તે તમારા કામ આવી શકે. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે કેટલાક લોકો માનશે કે કશુંક નવું શીખવા માટે તમે ઉંમરમાં વધુ છો-પણ એ બાબત સત્યથી સદંતર વેગળી છે-તમારા તીવ્ર અને સક્રિય મગજને કારણે તમે નવી બાબત ઝડપથી શીખી લેશો. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. તમારી ખાનગી માહિતી તમારા જીવનસાથી સાથે શૅર કરતા પહેલા વિચારજો. શક્ય હોય તો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. પારિવારિક રહસ્યના સમાચાર તમને આશ્ચર્યચકિત કરશે. તમારો કૉલ લંબાવીને તમે તમારા રૉમેન્ટિક ભાગીદારને ચીડવશો. આજે તમે તમારી જાતને સ્પૉટલાઈટ હેઠળ મહેસૂસ કરશો જ્યારે તમે કોઈને કરેલી મદદને કારણે તેને વળતર મળશે અથવા તેના કામની નોંધ લેવાશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે ભાર તથા કોલેસ્ટ્રોલનું ઉચ્ચ પ્રમાણ ધરાવતો ખોરાક ટાળો. વેપાર માં આજ ના દિવસે સારો લાભ થવા ની શક્યતા છે. આજ ના દિવસે તમે પોતાના વેપાર ને નવી ઉંચાઈઓ આપી શકો છો? પરિવારમાં કોઈ મહિલા સભ્યની તબિયત ચિંતાનું કારણ બનશે. તમારા પ્રિયપાત્ર સાથે તમારી અંગત લાગણીઓ-રહસ્યો શૅર કરવા માટે આ યોગ્ય સમય નથી.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારી આશા આજે કોઈક ઉચ્ચ તથા નાજુક ખુશ્બોની જેમ તથા ભપકાદાર ફૂલની જેમ ખીલશે. ધન તમારા માટે જરૂરી છે પરંતુ ધન ને લયીને એટલું ગંભીર પણ ના થયી જાઓ કે તે તમારા સંબંધો બગાડી દે. એક સુંદર અને અદભુત સાંજ માટે મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે. આજે રૉમાન્સ માટે ગૂંચવણભર્યું જીવન છોડો.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. હિંમત હારવાને બદલે ઈચ્છિત પરિણામ મેળવવા સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો.

**મકર (ખ,જ) :**
આજના દિવસે કામનું દબાણ આજે તાણ તથા ટૅન્શન લાવી શકે છે. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે. તમારા પ્રિયપાત્ર સાથે કેટલાક મતભેદોસ થઈ શકે છે-તમારી પરિસ્થિતિથી તમારા સાથીદારને વાકેફ કરાવવામાં તમને ખાસ્સી મુશ્કેલી પડશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારૂં મોહિત કરનારૂં વર્તન ધ્યાન આકર્ષિત કરશે. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. તમારી વાત સાચી સાબિત કરવા માટે તમે આજ ના દિવસે તમારા જીવનસાથી સાથે ઝઘડો કરી શકો છો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે ગર્ભવતી માતાઓ માટે ખાસ સંભાળ રાખવાનો દિવસ. આજે તમે પૈસા બચાવવા માટે પોતાના પરિવાર માં થી સલાહ લયી શકો છો અને તેને પોતાના જીવન માં સ્થાન પણ આપી શકો છો? નવો દેખાવ-નવાં કપડાં-નવા મિત્રો આજે તમારા થશે. આજે તમે જો થોડો પ્રેમ વહેંચશો તો, તમારૂં પ્રિયપાત્ર તમારી માટે દેવદૂત બની જશે. તમારે ફ્રી ટાઈમ નો યોગ્ય રીતે ઉપયોગ કરવા નું શીખવું પડશે નહીં તો તમે જીવન માં ઘણા લોકો થી પાછળ રહી જશો.

અમેરિકાથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા

# અલબામામાં આરોપીને નાઈટ્રોજન ગેસ દ્વારા મૃત્યુદંડની સજા અપાશે

## અમેરિકામાં પહેલીવાર આટલી ક્રૂર મોતની સજા અપાશે

**।(એજન્સી) વોશિંગ્ટન, તા.૧૨।**

અમેરિકાથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે જેમાં અલબામામાં એક વ્યક્તિને એવી મોત આપવામાં આવશે કે જેની ચર્ચા વિશ્વમાં થશે. અમેરિકામાં અલબામામાં એક ફેડરલ ન્યાયાધીશે નાઈટ્રોજન ગેસ દ્વારા મૃત્યુદંડને મંજૂરી આપી છે, જો ઉચ્ચ અદાલત દ્વારા આ નિર્ણયને રોકવામાં નહીં આવે તો અમેરિકાના ઈતિહાસમાં પહેલીવાર આટલી ક્રૂર મોતની સજા આપવામાં આવશે. આ સજા જે વ્યક્તિને આપવામાં આવી છે તેનું નામ કેનેથ યૂજીન સ્મિથ છે જેના પર વર્ષ ૧૯૮૮માં એક પાદરીના કહેવાથી એક મહિલાની હત્યા કરવાનો આરોપ છે. આ મહિલા એટલે બીજુ કોઈ નહીં પણ એ પાદરીની પત્ની જ હતી જેનું નામ એલિઝાબેથ સેનેટ હતું અને તેમણે આ કામ માટે જ સ્મિથને રાખ્યો હતો જેના માટે સ્મિથને ૧ હજાર યુએસ ડૉલર મળ્યા હતા. યુએસ ડિસ્ટ્રિક્ટ જજ આર. ઓસ્ટિન હફેકરે અલબામાના કેદી યુજીન સ્મિથની નાઈટ્રોજન હાયપોક્સિયા દ્વારા ૨૫ જાન્યુઆરીએ આપવામાં આવનાર મોતની સજાને રોકવાની વિનંતીને નકારી કાઢી હતી.

ટોરોન્ટો ઈન્ટરનેશનલ એરપોર્ટ પરની ઘટના

# એર કેનેડાની ફ્લાઈટમાંથી યુવક દરવાજો ખોલીને કૂદી પડ્યો

**। (એજન્સી) ટોરન્ટો, તા.૧૨ ।**

એર કેનેડાની ફલાઈટમાંથી એક યુવક દરવાજો ખોલીને કુદી પડવાની ઘટનાએ ચકચાર મચાવી છે. મળતી વિગતો પ્રમાણે આઠ જાન્યુઆરીએ આ વ્યક્તિ ટોરોન્ટો ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી એર કેનેડાની ફલાઈટમાં બેઠો હતો.ફલાઈટ ટેક ઓફ કરવાની તૈયારી કરી રહી હતી અને રન વે પર હતી ત્યારે આ વ્યક્તિએ વિમાનનો દરવાજો ખોલીને ૨૦ ફૂટની ઉંચાઈ પરથી કુદકો મારતા બીજા મુસાફરોમાં હડકંપ મચી ગયો હતો. આ મુસાફરને નજીવી ઈજા થઈ છે પણ ઘટનાના કારણે ફલાઈટને ટેક ઓફ કરવામાં ૬ કલાકનો વિલંબ થયો હતો.એરલાઈન પ્રવક્તાના કહેવા પ્રમાણે મામલાની તપાસ ચાલી રહી છે.ફલાઈટમાંથી કુદી પડનાર વ્યક્તિની ધરપકડ કરાઈ છે કે નહીં તેની સ્પષ્ટતા હજી સુધી કરવામાં આવી નથી.



મુંબઈમાં મરીન ડ્રાઈવ ખાતે એર ડિસ્પ્લે દરમિયાન ભારતીય વાયુસેનાની સારંગ એરોબેટિક ટીમે પ્રદર્શન કર્યુ હતું.

# આસિસ્ટન્ટ પોલીસ ઓફિસર તરીકે બીજા દેશોના યુવાનોની ભરતી કરાશે

## સિંગાપુર પહેલેથી તાઈવાનના જવાનોની પોલીસ ફોર્સમાં ભરતી કરતું રહ્યું છે : ભારત સહિતના વિદેશીઓને તક

**। (એજન્સી) સિંગાપુર, તા.૧૨ ।**

સિંગાપુરની સરકાર આસિસ્ટન્ટ પોલીસ ઓફિસર તરીકે બીજા દેશોના યુવાનોની ભરતી કરવા માટે વિચારણા કરી રહી છે અને આ દેશોમાં ભારતનો પણ સમાવેશ થાય છે.

સિંગાપુરના હોમ મિનિસ્ટર કે શનમુગમે કહ્યુ હતુ કે, સિંગાપુર પહેલેથી તાઈવાનના જવાનોની પોલીસ ફોર્સમાં ભરતી કરતુ રહ્યુ છે પણ ત્યાંના યુવાનોની સંખ્યામાં હવે ઘટાડો થઈ રહ્યો હોવાથી અમે બીજા દેશો તરફ નજર દોડાવી રહ્યા છે. મીડિયા રિપોર્ટમાં હોમ મિનિસ્ટરને ટાંકીને કહેવાયુ છે કે, અન્ય દેશોમાં ચીન, ભારત, ફિલિપાઈન્સ, મ્યાનમાર જેવા દેશોનો સમાવેશ થાય છે. સિંગાપુર પોલીસની જરુરિયાતને જોતા વિદેશી યુવાનોની પોલીસમાં ભરતી કરવાની જરુર છે. સિંગાપુરમાં લોકોને પોલીસ ફોર્સમાં નોકરી કરવામાં ઓછો રસ છે.ઉપરાંત શારીરિક ફિટનેસનો પણ મુદ્દો મહત્વનો છે.જેના કારણે સિંગાપુરની પોલીસમાં કામ કરનારાની પૂરતી સંખ્યા જાળવી રાખવાનુ કામ પડકારજનક છે.

હોમ મિનિસ્ટર શનમુગમે સિંગાપુરની સંસદમાં એક સવાલના જવાબમાં ઉપરોક્ત નિવેદન આપ્યુ હતુ.સાથે સાથે તેમણે કહ્યુ હતુ કે, સિંગાપુર દ્વારા ૨૦૧૭થી તાઈવાનના યુવાનોની આસિસ્ટન્ટ પોલીસ ઓફિસર તરીકે ભરતી થતી આવી છે પણ તાઈવાનના યુવાનોની સંખ્યામાં પણ ઘટાડો થઈ રહ્યો છે. તેમણે કહ્યુ હતુ કે, સિંગાપુરમાં આસિસ્ટન્ટ પોલીસ ઓફિસર તરીકે ફરજ બજાવનારાઓમાં ૩૨ ટકા અધિકારીઓ મલેશિયા અને તાઈવાનના હતા. અન્ય દેશોના યુવાનોને હથિયારો આપવા બાબતે તેમણે જવાબ આપ્યો હતો કે, તેમને બહુ જુજ કેસમાં હથિયારો આપવામાં આવે છે અને આ માટે પણ આકરી તાલીમ આપવાની સાથે સાથે ઉપરી અધિકારીઓ દ્વારા તેમના પર નજર રાખવામાં આવતી હોય છે.

# ડામર ભરેલા ટ્રક સાથે બસ ટકરાતાં બેનાં મોત, ૨૧ જણાં ઘાયલ થયા

**। (એજન્સી) પાલી, તા.૧૨ ।**

ગુજરાતમાંથી શૈક્ષણિક પ્રવાસે ગયેલી બસનો રાજસ્થાનમાં ભયાનક અકસ્માત સર્જાયો છે, જેમાં બે લોકોના મોત થયા છે. જ્યારે વિદ્યાર્થીઓ સહિત ૨૧ લોકો ઘાયલ થયા છે. મળતી માહિતી મુજબ બસની ટક્કર એક ડામર ભરેલા ટ્રક સાથે થઈ હતી. આ અકસ્માતની ઘટના એટલી ભીષણ હતી કે બસનો આગળનો ભાગ બુકડો બોલી ગયો હતો. મળતી માહિતી અનુસાર, રાજસ્થાનના પાલી જિલ્લામાં સુમેરપુર નજીક નેશનલ હાઈવે પર આજે સવારે આ ઘટના બની હતી. અહીં પાલડી જોડ નજીક શાળાના બાળકોને લઈ જતી બસ હાઈવેની વચ્ચે ઉભેલા ડામરથી ભરેલા ટ્રેલર સાથે અથડાઈ હતી. બસમાં શાળાના બાળકો અને સ્ટાફ સહિત ૫૨ લોકો સવાર હતા. ખેરાલુની શ્રી સી એન વિદ્યાલય ચોટીયા પ્રાથમિક શાળાના બાળકો સાથે જોધપુર-જેસલમેર માટે શૈક્ષણિક પ્રવાસ પર નીકળી હતી.

# અનંતનાગમાં વાહન અકસ્માતમાં મહબુબા મુફ્તીનો આબાદ બચાવ

**। (એજન્સી) જમ્મુ, તા.૧૨ ।**

જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાં પીડીપી પ્રમુખ મહબૂબા મુફ્તીના વાહનનો અકસ્માત થયો છે, જેમાં પૂર્વ મુખ્યમંત્રી અને તેમના સુરક્ષા અધિકારીઓનો આબાદ બચાવ થયો છે. આ અંગે પીડીપી મીડિયા સેલે માહિતી આપી છે. મુફ્તી અનંદનાગના બોટ કૉલોનીના આગની દુર્ઘટનાના પીડિતોને મળવા જઈ રહ્યા હતા. તેઓ જે વાહનમાં હતા, તે સંપૂર્ણ ડેમેજ થઈ ગઈ છે. ઓમર અબ્દુલ્લાએ સોશિયલ મીડિયા એક્સ પર લખ્યું કે, ‘અકસ્માતમાં મહેબુબા મુફ્તીનો આબાદ બચાવ થયો હોવાનું સાંભળી ખુશી થઈ. અકસ્માતમાં ગંભીર ઘટના સર્જાવાની સંભાવના હતી.

જ્વાળામુખી એક પહાડ હોય છે

# જ્વાળામુખી ફાટ્યા બાદ ગરમીની બદલે ઠંડી કેમ વધી જાય છે?



**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।**

શું તમે ક્યારેય વિચાર્યું છે કે જે વિસ્તારોમાં જ્વાળામુખી ફાટી નીકળે છે ત્યાં હવામાન કેવું હશે અને તે વિસ્તારોમાં ગરમીને બદલે ઠંડી કેમ વધી જાય છે. હકીકતમાં જ્વાળામુખી એક પહાડ હોય છે જેની અંદર ઓગળેલો લાવા ભરેલો હોય છે. વળી, પૃથ્વીની નીચે દબાયેલી ઉચ્ચ ઉર્જા એટલેકે, જિયોથર્મલ એનર્જીના પથ્થરને ઓગાળવાનું કામ કરે છે. વળી, જ્યારે જમીનની નીચેથી ઉપરની તરફ દબાણ વધે છે તો પહાડ ઉપરથી ફાટી જાય છે. જે જ્વાળામુખીનું રુપ ધારણ કરે છે. તેના વિસ્ફોટ પછી ઘણા ગેસ નીકળે છે અને આ ગેસ અને પથ્થરોના મિશ્રણને મેગ્મા કહેવામાં આવે છે. જ્યારે જ્વાળામુખી ફાટે છે તો આ મેગ્મા આકાશની તરફ જાય છે. જ્યારબાદ આકાશમાં આ વાદળની જેમ છવાઈ જાય છે અને તેનાથી તે ક્ષેત્રમાં સૂર્યની રોશની નથી આવી શકતી. આ જ કારણ છે કે જ્વાળામુખી ફાટ્યા પછી ભારે વરસાદ અને વીજળી પડે છે. જેના કારણે તે વિસ્તારમાં ઘણી વખત ઠંડી ખૂબ જ તીવ્ર બની જાય છે. વળી, જ્વાળામુખીના ફાટવાથી તે ક્ષેત્રમાં ઘણાં દિવસો સુધી વરસાદ થવાથી અને વીજળી કડકવાની ઘટના થતી રહે છે. જેનાથી ત્યાં રહેતા લોકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે.

યમનમાં હુથી વિદ્રોહીઓ સામે નવું યુદ્ધ શરૂ

# યમનમાં ઈરાન સમર્થિત હુથિઓ પર US-UKની સ્ટ્રાઈક

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૨ ।**

અમેરિકા અને બ્રિટનની સેનાઓએ યમનમાં હુથી વિદ્રોહીઓ સામે નવું યુદ્ધ શરૂ કર્યું છે. ગુરુવારે બંને દેશોની સેનાઓએ અનેક હુતી સ્થાનોને નિશાન બનાવ્યા હતા, જ્યારે ચેતવણી પણ આપી હતી કે ઈરાન સમર્થિત આતંકવાદી જૂથ જો લાલ સમુદ્રમાં અમારા માલવાહક જહાજોને નિશાન બનાવશે તો તેને વારંવાર ડ્રોન અને મિસાઈલ હુમલાના પરિણામો ભોગવવા પડશે. આ હુમલા બાદ ઈરાકમાં અમેરિકી દૂતાવાસ પર હુમલાના સમાચાર પણ સામે આવી રહ્યા છે.

રાષ્ટ્રપતિ જો બિડેને કહ્યું કે તેમણે આ આદેશ લાલ સમુદ્રમાં આંતરરાષ્ટ્રીય દરિયાઈ જહાજો સામે અભૂતપૂર્વ હુથી હુમલાના સીધા જવાબમાં આપ્યો છે. આજે, મારા નિર્દેશ પર, યુએસ સૈન્ય દળોએ, યુનાઈટેડ કિંગડમ સાથે અને ઓસ્ટ્રેલિયા, બહેરીન, કેનેડા અને નેધરલેન્ડના સમર્થનથી, યમનમાં અનેક લક્ષ્યોને સફળતાપૂર્વક ત્રાટક્યા." રાષ્ટ્રપતિએ વ્હાઈટ હાઉસ દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં જણાવ્યું હતું. આંતરરાષ્ટ્રીય શિપિંગ પર ૨૭ હુમલામાં ૫૦ થી વધુ દેશો પ્રભાવિત થયા છે. ૨૦ થી વધુ દેશોના ક્રૂને ચાંચિયાગીરીમાં ધમકી આપ વામાં આવી છે અથવા બંધક બનાવવામાં આવી છે.

૨,૦૦૦ થી વધુ જહાજોને લાલ સમુદ્રથી બચવા માટે હજારો માઈલ દૂર કરવાની ફરજ પડી છે, ઉત્પાદન શિપિંગના સમયમાં કેટલાક અઠવાડિયા સુધી વિલંબ થયો છે, અને ૯ જાન્યુઆરીના રોજ, હુથિઓએ અમેરિકન જહાજોને સીધું નિશાન બનાવીને અત્યાર સુધીનો તેમનો પ્રથમ હુમલો કર્યો. સૌથી મોટો હુમલો કર્યો. આ હુમલાઓ ફાઈટર પ્લેન અને ટોમાહોક મિસાઈલથી કરવામાં આવ્યા હતા. એક યુએસ અધિકારીએ સીએનએનને જણાવ્યું હતું કે હવા, સપાટી અને સબ પ્લેટફોર્મ પરથી છોડવામાં આવેલી મિસાઈલો દ્વારા એક ડઝનથી વધુ હુથી સ્થાનો પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલાઓ વિશ્વના સૌથી મહત્વપૂર્ણ જળમાર્ગોમાંથી એક માટેના જોખમ અંગે વધતી જતી આંતરરાષ્ટ્રીય ચિંતાનો સંકેત છે.

બુર્જ ખલીફા વિશ્વની સૌથી ઊંચી બિલ્ડિંગ

# દુબઈનું જેદ્દા ટાવર કથિત રીતે ૧,૦૦૦ મીટરથી વધુ ઊંચુ હશે

**। (એજન્સી) દુબઈ, તા.૧૨ ।**

૧૪ વર્ષ પહેલા દુબઈમાં બુર્જ ખલીફા ૮૨૮ મીટરની ઊંચાઈ સુધી પહોંચીને વિશ્વની સૌથી ઊંચી બિલ્ડીંગ બની ગઈ હતી. આને ઘણા રેકોર્ડ બનાવ્યા અને ફેમસ થઈ ગઈ. બુર્જ ખલીફાનું નિર્માણ ૨૦૦૪માં શરૂ થયું અને તેને સત્તાવાર રીતે ૨૦૧૦માં ખોલવામાં આવી. ઈમારતને દુબઈના કેન્દ્રમાં એક મોટુ અને મુખ્ય આકર્ષણ બનાવવાનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જોકે, હવે એક નવી બિલ્ડીંગની ચર્ચા થઈ રહી છે જે તેને પાર કરી શકે છે. જેનાથી લોકોને આશ્ચર્ય થઈ રહ્યુ છે કે શું બુર્જ ખલીફા હવે સૌથી ઊંચુ નહીં રહે.

ગિનીઝ વર્લ્ડ રેકોર્ડ અનુસાર સાઉદી અરબમાં વર્તમાનમાં નિર્માણાધીન એક ઈમારત પૂરી થયા બાદ બુર્જ ખલીફાથી પણ ઊંચી થવાની આશા છે. જેદ્દા ટાવર જેને કિંગડમ ટાવર પણ કહેવામાં આવે છે. કથિત રીતે ૧,૦૦૦ મીટર (૧ કિમી, ૩,૨૮૧ ફૂટ) થી વધુ ઊંચુ હશે. જેદ્દા ઈકોનોમિક કંપનીની ઈમારત લક્ઝરી રેસિડેન્ટ,



ઓફિસ પ્લેસ, સર્વિસ્ડ એપાર્ટમેન્ટ અને લગ્ઝરી કોન્ડોમિનિયમનું મિશ્રણ હશે.

એવુ કહેવાય છે કે આ દુનિયાની સૌથી ઊંચી વેધશાળા પણ હોય. ૧.૨૩ બિલિયન ડોલરની કિંમત વાળુ જેદ્દા ટાવર, બુર્જ ખલીફા કરતા ઊંચુ હોઈ શકે છે. આ ઉત્તરી જેદ્દા કેન્દ્રબિંદુ ૨૦ અરબ ડોલરની મેગા-પ્રોજેક્ટનો ભાગ છે. જેનું નિર્માણ પાંચ વર્ષ બાદ ૨૦૨૩માં ફરીથી શરૂ થયુ જ્યારે પૂરુ થવુ રહસ્યમય છે. આના પ્રસ્તાવિત કદ અને સુવિધાઓથી બુર્જ ખલીફાના રેકોર્ડને જોખમ છે.

**વિશેષ** આસપાસના ૧૫ જેટલાં ગામડાંઓના ગ્રામજનોએ સરકારની અનેકવિધ સેવાઓનો લાભ એક જ સ્થળેથી મેળવ્યો

# ધોરાજીના પાટણવાવ ખાતે “વિકસિત ભારત સંકલ્પ યાત્રા” અને “સેવાસેતુ કાર્યક્રમ“ યોજાયો, ૧૫૬૫ જેટલા ગ્રામજનોનું થયું આરોગ્યલક્ષી સ્ક્રીનીંગ

કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ જન કલ્યાણકારી યોજનાઓનાં લાભ પાત્રતા ધરાવતા નાગરિકો સુધી પહોંચાડવા માટે આયોજિત ‘‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’’ રાજકોટ જિલ્લામાં ધોરાજી તાલુકાનાં પાટણવાવ ગામે યોજાઈ હતી, જેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓની માહિતી લઈ જન જન સુધી પહોંચી રહેલા આ રથનું ગ્રામજનોએ ઉષ્માભર્યુ સ્વાગત કર્યું હતું. ‘‘વિકસિત ભારત સંકલ્પ યાત્રા’’ના કાર્યકમની સાથે સાથે પારદર્શી પ્રશાસન માટે પ્રતિબદ્ધ રાજય સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ તેમજ પ્રજાજનોના વ્યક્તિગત પ્રશ્નોનો ઉકેલ લાભાર્થીઓને તેમના રહેઠાણના નજીકના સ્થળે તે જ દિવસે મળી શકે તેવા ઉમેદા હેતુને ધ્યાને લઈ ધોરાજી તાલુકાનો ‘‘સેવા સેતુ કાર્યક્રમ‘‘ પણ યોજાયો હતો. જેમાં સરકારશ્રીના ૧૩ જેટલા વિભાગોની વિવિધ ૫૬ યોજનાકીય સેવાઓ એક જ સ્થળે ગ્રામ્ય નાગરિકોને વહીવટીતંત્ર દ્વારા પૂરી પાડવામાં આવી હતી. જેનો લાભ આસપાસના ૧૫ જેટલાં ગામડાંઓના નાગરીકોએ મેળવ્યો હતો. આ કાર્યક્રમમાં આરોગ્ય વિભાગ દ્વારા યોજાયેલા હેલ્થ ચેકઅપ કેમ્પમાં ૧૫૬૫ જેટલા ગ્રામજનોનું નિઃશુલ્ક





સ્ક્રીનીંગ કરવામાં આવ્યું હતું. ડ્રોન નિર્દશન તેમજ પશુપાલન કેમ્પનો ગ્રામજનોએ લાભ મેળવ્યો હતો. ‘‘મેરી કહાની, મેરી ઝુબાની’’ અંતર્ગત લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો વર્ણવ્યા હતા. ગામની સશકત કિશોરી, તેજસ્વી વિદ્યાર્થી, રમતવીરને મહાનુભાવોનાં હસ્તે પ્રોત્સાહીત કરવામાં આવ્યા હતા. ઉપસ્થિત અધિકારીઓ દ્વારા સરકારના વિવિધ વિભાગની જનકલ્યાણકારી યોજનાઓની જાણકારી આપવાની સાથે લાભાર્થીઓને ઉજ્જવલા યોજના અન્વયે ગેસ કીટ, આયુષ્માન કાર્ડ, સોઈલ હેલ્થ કાર્ડ, પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ‘‘ધરતી કહે પુકાર કે’’ લઘુ નાટિકા દ્વારા ખેડુતોને રાસાયણિક ખેતીના નુકસાનથી વાકેફ કરી પ્રાકૃતિક ખેતી તરફ વળવાનો સંદેશ પાઠવ્યો હતો. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો પ્રજાજોગ વિકસિત ભારત સંકલ્પ અન્વયેનો રેકોર્ડ કરેલો સંદેશો સાંભળી લોક કલ્યાણકારી યોજનાઓનાં લાભાર્થીઓનાં પ્રતિભાવો દર્શાવતી શોર્ટ ફિલ્મ નિહાળી હતી. ઉપસ્થિત સૌ નાગરિકોએ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં સહભાગી થવા શપથ ગ્રહણ કર્યા હતા. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત, ગ્રામ પંચાયતના પદાધિકારીઓ, આગેવાનશ્રીઓ શ્રી મયુરભાઈ શિંગાળા, શ્રી વિરલભાઈ પનારા ,પાટણવાવ સરપંચશ્રી પ્રવિણભાઈ પેથાણી તથા અરજદારોની વ્યક્તિગત અરજીઓના યોગ્ય નિકાલ માટે વિવિધ ગામના સરપંચશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રી કે.સી. સરતેજા, મામલતદારશ્રી એ.પી. જોશી, વિસ્તરણ અધિકારીશ્રીઓ એમ.પી.સોજીત્રા, ધર્મેન્દ્રભાઈ મહેતા, અજયભાઈ સાકરિયા, હાર્દિકભાઈ જાની, જયરાજસિંહ જાડેજા, પ્રદીપભાઈ ગોહેલ સહીત પશુપાલન વિભાગ, આરોગ્ય વિભાગ, ખેતીવાડી વિભાગ, આઈ.સી.ડી.એસ., બેંક, મહેસુલ વિભાગ સહિતનાં સંબધિત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

**મુંબઈ-નવી મુંબઈ વચ્ચેનું અંતર ૨૦ મિનિટમાં કાપી શકાશે | અટલ બિહારી વાજપેયી શિવડી-ન્હાવા શેવા અટલ સેતુ મુંબઈ અને નવી મુંબઈને જોડશે અને અંતરને ઓછું કરશે**

# સમુદ્ર પર દેશના સૌથી લાંબા પુલનું પ્રધાનમંત્રી મોદીએ ઉદ્‌ઘાટન કર્યું







| મુંબઈ, તા.૧૨ |

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ૧૨ જાન્યુઆરી એટલે કે આજે મુંબઈમાં સમુદ્ર પર બનેલા દેશના સૌથી લાંબા બ્રિજ અટલ બિહારી વાજપેયી શિવડી-ન્હાવા શેવા અટલ સેતુનું ઉદ્ઘાટન કર્યું. અટલ બિહારી વાજપેયી શિવડી-ન્હાવા શેવા અટલ સેતુ મુંબઈ અને નવી મુંબઈને જોડશે અને બંને શહેરો વચ્ચેના અંતરને ઓછું કરશે. આ પુલથી મુંબઈ અને નવી મુંબઈ વચ્ચેનું અંતર ૨૦ મિનિટમાં કાપી શકાશે. મુંબઈને નવી મુંબઈ સાથે જોડનારો આ પુલ ૨૨ કિમી લાંબો છે, જેમાંથી ૧૬.૫ કિલોમીટર ભાગ પાણી પર છે અને ૫.૫ કિલોમીટર એલિવેટેડ રોડ છે. તે મુંબઈ હાર્બર ટાન્સ લિંક પર જ્યાં બનાવવામાં આવ્યો છે તે વિસ્તારમાં દર વર્ષે શિયાળામાં ફ્લેમિંગો પક્ષી આવે છે. તેનો ખ્યાલ રાખવા માટે પુલના કિનારે સાઉન્ડ બેરિયર પણ લગાવવામાં આવ્યા છે. તેનાથી ધ્વનિ પ્રદૂષણ થશે નહીં અને પક્ષીઓને કોઈ નુકસાન નહીં થાય. આ ઉપરાંત પુલ પર એવી લાઈટો લગાવવામાં આવી છે કે તે ફક્ત પુલ પર રોશની ફેંકશે અને સમુદ્રી જીવોને નુકસાન કરશે નહીં.

આ બ્રિજની મદદથી હવે મુંબઈ અને નવી મુંબઈ વચ્ચેનું અંતર ફક્ત ૨૦ મિનિટમાં કાપી શકાશે. જ્યારે પહેલા આ અંતર કાપવામાં બે કલાકનો સમય લાગતો હતો. જેનાથી ઈંધણ અને સમય બંનેની બચત થશે. અટલ સેતુ મહારાષ્ટ્રના ૨ સૌથી મોટા શહેરોને જોડનારા મુંબઈ-પુણે એક્સપ્રેસ વે સાથે પણ જોડનારો મુંબઈ-પુણે એક્સપ્રેસ વે સાથે પણ જોડાશે અને આ ૬ લેનનો હશે. મુંબઈ પોલીસ તરફથી મુંબઈ ટ્રાન્સહાર્બર લિંક (MHTL) પર ૪ પૈડાના વાહનો માટે વધુમાં વધુ મર્યાદા ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાક હશે. આ વાહનોમાં કાર, ટેક્સી, હળવા મોટર વાહન, મિની બસ અને ટુ એક્સેલ બસને સામેલ કરાઈ છે. આ પુલ દક્ષિણ મુંબઈમાં સેવરીમાં શરૂ થશે અને એલિફેન્ટાઈન આઈલેન્ડની ઉત્તરમાં થાણે ક્રીકને પાર કરશે અને ન્હાવા પાસે ચિરલે ગામમાં પૂરો થશે. આ બ્રિજ મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ અને નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટને કનેક્ટિવિટી પ્રદાન કરશે. આ સાથે જ તેનાથી મુંબઈથી પુણે, ગોવા અને દક્ષિણ ભારત સુધીનો પ્રવાસ કરવામાં લાગતો સમય ઓછો થઈ જશે. બ્રિજ ખુલ્યા બાદથી મુંબઈથી નવી મુંબઈ, નવી મુંબઈ એરપોર્ટ, મુંબઈ-પુણે એક્સપ્રેસ, મુંબઈ ગોવા હાઈવે સુધી ટ્રાફિકમાં ફસાયા વગર પહોંચવું સરળ બનશે. આ પુલ પર ૧૦૦ કિલોમીટરની ઝડપથી વાહન ચલાવવાની મંજૂરી અપાઈ છે. વાહનોની ઝડપ જાળવી રાખવા માટે દેશમાં પહેલીવાર ઓપન રોડ ટોલિંગ સિસ્ટમ એમટીએચએલ પર હશે. અટલ બ્રિજ પર મુસાફરી કરનારાએ ફક્ત ૨૫૦ રૂપિયા ટોલ ચૂકવવો પડશે. આ ૬ લેનવાળો રોડ બ્રિજ છે. આ પુલની ઉપર અને નીચે ૧૯૦ સીસીટીવી કેમેરા લાગેલા છે જેમાંથી ૧૩૦ કેમેરા હાઈટેક અને છેં થી લેસ છે. અટલ બ્રિજ બનાવવામાં લગભગ ૧૭૭૯૦૩ મેટ્રિક ટન સ્ટીલ અને ૫૦૪૨૫૩ મેટ્રિક ટન સિમેન્ટનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેને બનાવવામાં લગભગ ૧૭૮૪૦ કરોડ રૂપિયાનો ખર્ચો આવ્યો છે.

એમટીએચએલનું નિર્માણ ૧૦ દેશોના એક્સપર્ટ અને ૧૫૦૦૦ સ્કિલ્ડ વર્કર્સની મદદથી તૈયાર કરાયું છે. અત્યાધુનિક ટેક્નોલોજીથી બનેલો બ્રિજ ભૂકંપના ઝટકા અને સમુદ્રની મોટી લહેરો વચ્ચે ૧૦૦ વર્ષ સુધી અડીખમ રહેવામાં સક્ષમ છે. નિર્માણ દરમિયાન પર્યાવરણ અને સમુદ્રી જીવોનો ખ્યાલ રાખવામાં આવ્યો છે. આ બ્રિજ દેશમાં સૌથી લાંબો પુલ હશે અને દુનિયામાં તે લંબાઈના મામલે ૧૨માં નંબર પર છે.

## ન્યૂઝ બ્રિફ

### ગુજરાતમાં આગામી દિવસોમાં અમૃત ભારત ટ્રેન શરૂ થશે

| અમદાવાદ, તા.૧૨ |

ગુજરાતમાં આગામી દિવસોમાં અમૃત ભારત ટ્રેન શરૂ થઈ રહી છે. જેમાં સેમી હાઈસ્પીડ અને નોન એસી અમૃત ભારત ટ્રેન શરૂ કરવામાં આવનાર છે. ત્યારે આ ટ્રેન વંદેભારત જેટલી સ્પીડમાં અમૃત ભારત ટ્રેન દોડશે. હાલ અમદાવાદમાં અમૃત ભારત ટ્રેનનું ટ્રાયલ ચાલુ છે. વંદે ભારત ટ્રેનની સરખામણીએ અમૃત ભારત ટ્રેનનું ભાડુ ઓછું રહેશે. ઓછા ભાડાથી મુસાફરો ઝડપથી પોતાનાં સ્થાને પહોંચી શકશે. આ બાબતે રેલવેનાં PRO જે.કે. જયંતે જણાવ્યું હતું કે, વંદેભારત જેવી જ એક ટ્રેન શરૂ કરવાનું પ્લાનીંગ હાલ ચાલી રહ્યું છે. આ ટ્રેન ઓરેન્જ કલરની હશે. આ ટ્રેનને અમૃત ભારત એક્સપ્રેસ નામ આપવામાં આવી રહ્યું છે. ત્યારે હાલ તો આવી કોઈ ટ્રેન ચાલી રહી નથી. આગામી સમયમાં જો ગુજરાતમાં આવી કોઈ ટ્રેન શરૂ કરવામાં આવશે તો રેલ પ્રશાસન તેના માટે પણ તૈયાર છે.

### ચાંદખેડામાં હવામાં ચાર પાંચ રાઉન્ડ ફાયરિંગ થયાની ઘટના સામે આવી

| અમદાવાદ, તા.૧૨ |

અમદાવાદમાં ચાંદખેડામાં હવામાં ચાર પાંચ રાઉન્ડ ફાયરિંગ થયાની ઘટના સામે આવી છે. તપોવન સર્કલ પાસે શખ્સનો ફાયરિંગ કરતો વીડિયો સામે આવ્યો છે. ફાયરિંગની ઘટનાના પગલે પોલીસ બેડામાં દોડધામ મચી ગઈ હતી. પોલીસે સમગ્ર મામલે ગુનો નોંધીને આરોપીની શોધખોળ હાથ ધરી છે. અમદાવાદના ચાંદખેડામાં ફાયરિંગ થવાની ઘટના સામે આવી છે. જમીન લે વેચનો વ્યવસાય કરનાર હરિસિંહ ચંપાવતે ફાયરિંગ કર્યુ હોવાનું સામે આવ્યુ છે. માહિતી મળી છે કે રસ્તા પર લારીવાળા વચ્ચે આવતા હોવાથી ફાયરિંગ કરવામાં આવ્યુ હોવાનું સામે આવ્યુ છે. તપોવન સર્કલ પાસે ફાયરિંગ કર્યાનો વીડિયો પણ સામે આવ્યો છે.

**ડુપ્લીકેટ નોટનો કિસ્સો સામે આવ્યો**

## ભાવનગરમાં ડુપ્લીકેટ નોટના જથ્થા સાથે ત્રણ વ્યક્તિની ધરપકડ કરાઈ

### આરોપીઓએ શોર્ટકટ રસ્તો અપનાવી રાતો રાત રૂપિયા બનાવવા માટે ડુપ્લીકેટ નોટ બનાવવાનો આ પ્લાન ઘડ્યો હોવાનું સામે આવ્યું છે

| (એજન્સી) ભાવનગર , તા.૧૨ |

LCB પોલીસે ભાવનગર શહેરના પ્લોટગેટ વિસ્તારમાંથી ડુપ્લીકેટ નોટના જથ્થા સાથે ત્રણ વ્યક્તિની ધરપકડ કરી છે. આ ત્રણેય આરોપીઓ યુવા વર્ગના હોવાનું સામે આવ્યુ છે. આરોપીઓએ શોર્ટકટ રસ્તો અપનાવી રાતો રાત રૂપિયા બનાવવા માટે ડુપ્લીકેટ નોટ બનાવવાનો આ પ્લાન ઘડ્યો હોવાનું સામે આવ્યુ છે. LCB પોલીસે ભાવનગરમાંથી નકલી નોટોની હેરાફેરી કરનાર ત્રણ લોકોને ઝડપી પાડ્યા છે. આ ત્રણ વ્યક્તિ પાસેથી ૩૧ હજારની કિંમતની ૫૦૦ રુપિયાની ડુપ્લીકેટ નોટ ઝડપાઈ છે. પ્લોટગેટ વિસ્તારમાંથી આ નકલી નોટ પકડી પાડવામાં આવી છે. પોલીસે પકડાયેલા ત્રણેય આરોપીઓની પુછપરછ શરુ કરી છે. LCB પોલીસે ભાવનગર શહેરના પ્લોટગેટ વિસ્તારમાંથી ડુપ્લીકેટ નોટના જથ્થા સાથે ત્રણ વ્યક્તિની ધરપકડ કરી છે. આ ત્રણેય આરોપીઓ યુવા વર્ગના હોવાનું સામે આવ્યુ છે.આરોપીઓએ શોર્ટકટ રસ્તો અપનાવી રાતો રાત રૂપિયા બનાવવા માટે ડુપ્લીકેટ નોટ બનાવવાનો આ પ્લાન ઘડ્યો હોવાનું સામે આવ્યુ છે.આરોપીઓ નકલી નોટ વટાવવા જાય તે પહેલા જ LCBએ દબોચી લીધા હતા. પોલીસે પ્લોટગેટ વિસ્તારમાં ૫૦૦ રુપિયાથી નકલી નોટ ઝડપાઈ છે. નોટ સહિતનો અન્ય વસ્તુ મળી ૧.૧૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

**અમદાવાદમાં સોલામાં તોડકાંડ કેસ બાદ પોલીસ સતર્ક બની**

## પોલીસ સામેની ફરિયાદ માટે રાજ્ય સરકારે અલગ નંબર જાહેર કર્યો

### પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવવા ૧૪૪૪૯ નંબર જાહેર

| અમદાવાદ, તા.૧૨ |

પોલીસ દમન અને પોલીસ સામેની ફરિયાદ માટે રાજ્ય સરકારે અલગન નંબર જાહેર કર્યો છે. રાજ્યના એડવોકેટ જનરલે હાઈકોર્ટ સમક્ષ આપી માહિતી આપી છે. તમામ ઈમર્જન્સી નંબર www.Indian helpline number.com વેબસાઈટ પર ઉપલબ્ધ કરાશે.

સરકારે એફિડેવિટ કરીને પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવવા માટે ૧ ૪ ૪ ૪ ૯ નંબર જાહેર કર્યો છે. આગામી ૧૫ દિવસમાં આ હેલ્પલાઇન નંબર કાર્યરત કરવા માટે સરકારે કોર્ટને બાંહેધરી આપી છે. નંબર એક્ટિવેટ થતા લોકોને તેની જાગૃતિ મળી રહે તે માટે જાહેરાત કરવામાં આવશે. પોલીસ સામે ફરિયાદ માટેનો નંબર ૨૪*૭ કાર્યરત રહેશે. રાજ્ય સરકારે બીજા હેલ્પલાઇન નંબર પણ કોર્ટ સમક્ષ જણાવ્યા છે. તેમાં ૧૦૯૧ મહિલા હેલ્પ લાઈન નંબર, ૧૦૬૪ ભ્રષ્ટાચાર નિવારણ માટે હાલમાં કાર્યરત છે. આ ઉપરાંત દેશ સ્તરની જુદી જુદી હેલ્પલાઇન નંબરને પણ કાર્યરત કરવામાં આવશે. આગામી સુનાવણી ૧૬ ફેબ્રુઆરીના રોજ હાથ ધરાશે.

નોંધનીય છે કો, થોડા સમય પહેલા અમદાવાદ પોલીસે તોડ કર્યો હતો. અમદાવાદમાં સોલામાં તોડકાંડ કેસ બાદ પોલીસ સતર્ક બની છે. હવે પોલીસ જ પોલીસનું રિયાલીટી ચેંકીગ કરશે. ઢ્ઢ કક્ષાના અધિકારીઓ ખાનગી માણસોને મોકલી પોલીસના વર્તન અને પૈસાની ઉઘરાણીને લઈને તપાસ કરાવશે. સોલામા પોલીસ તોડકાંડ મામલે હાઈકોર્ટેમા સુઓમોટો દાખલ થતા હાઈકોર્ટે નારાજગી વ્યકત કરીને પોલીસ પાસે તપાસનો રિપોર્ટ માગ્યો છે. જેથી પોલીસ ઉચ્ચ અધિકારીઓ દ્વારા હવે પોલીસની રિયાલીટી ચેક કરવામા આવશે.

### ઈલોન મસ્ક વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં ન આવ્યા

| ગાંધીનગર, તા.૧૨ |

ઈલોન મસ્ક ભારતમાં રોકાણ કરવા માગે છે પરંતુ હવે એવા અહેવાલ સામે આવી રહ્યા છે કે, ઈલોન મસ્ક વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં આવી રહ્યા નથી. ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર રાહુલ ગુપ્તાએ જણાવ્યું હતું કે,'ટેસ્લાના સ્થાપક ઈલોન મસ્ક વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં આવવાના નથી. કોઈ પણ કંપનીએ ક્યાં રોકાણ કરવું તે નક્કી કરવાનો વિશેષાધિકાર છે. ગુજરાત સરકાર તેમને સુવિધાઓ આપવા માટે તૈયાર છે.' અગાઉ એવા અહેવાલ હતા કે ઈલોન મસ્કના ગુજરાતમાં ટેસ્લા કાર મેન્યુફેક્ચરીંગ પ્લાન્ટ સ્થાપશે.










માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨